dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 235 | AD - 2026, Jeth Vad -01 | Monday, Dt. 01-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**‘મન કી બાત’ કાર્યક્રમનો ૧૩૪મો એપિસોડ પ્રસારિત થયો**

# રાષ્ટ્રીય રેકોર્ડ, પરંપરાગત પીણાં અને ઐતિહાસિક વારસાની વડાપ્રધાને કરી પ્રસંશા

નવી દિલ્હી, તા.૩૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ‘મન કી બાત’ કાર્યક્રમનો ૧૩૪મો એપિસોડ પ્રસારિત થયો હતો, જેમાં તેમણે દેશવાસીઓ સાથે વિવિધ વિષયો પર હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો. વડા પ્રધાને પોતાના સંબોધનમાં ભારતીય રમતગમતના ગૌરવથી લઈને ઉનાળાની ઋતુના દેશી સ્વાદ, પરંપરા અને પર્યાવરણ સંરક્ષણ માટે યુવાનો દ્વારા કરાતા પાયાના કાર્યોની પ્રશંસા કરી હતી.

પીએમ મોદીએ જણાવ્યું કે તાજેતરમાં ઝારખંડના રાંચીમાં યોજાયેલી ‘નેશનલ સિનિયર એથ્લેટિક્સ ફેડરેશન સ્પર્ધા’માં દેશભરના આશરે ૮૦૦ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા દરમિયાન ચાર અલગ-અલગ ઈવેન્ટમાં ચાર નવા રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત થયા. ગુરિન્દરવીર સિંહ, વિશાલ ટીકે, તેજસ્વિન શંકર, દેવ મીના અને કુલદીપ કુમારે પોતપોતાની શ્રેણીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.ખાસ કરીને ૧૦૦ મીટરની દોડમાં માત્ર બે દિવસમાં પુરુષોનો રાષ્ટ્રીય રેકોર્ડ ત્રણ વાર તૂટ્યો હતો, જે ગુરિન્દરવીર સિંહ અને અનિમેષ કુજુરે તોડ્યો છે. આ ખેલાડીઓ સાથે ફોન પર થયેલી વાતચીતને યાદ કરતા વડા પ્રધાને કહ્યું કે, જેમ સંગીતમાં જુગલબંધી હોય છે, તેમ અત્યારે રમતગમતમાં પડકારોની અદ્ભુત જુગલબંધી જોવા મળી રહી છે, જ્યાં એક ખેલાડી રેકોર્ડ બનાવે છે અને બીજો તેને પાર કરે છે.

દેશમાં પડી રહેલી સખત ગરમી અને લૂ સામે નાગરિકોને સાવચેત રહેવા તથા વહીવટી માર્ગદર્શિકાનું પાલન કરવા વડા પ્રધાને ખાસ આગ્રહ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે ગરમી સામે લડવાના ઉપાયો આપણા પરંપરાગત રસોડામાં જ વણાયેલા છે. ઉનાળો આવતાની સાથે જ ઘરોમાં પીણાં અને વાનગીઓની શૈલી બદલાય છે.



દેશના વિવિધ ભાગોના પ્રાદેશિક પીણાંનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, ઉત્તર ભારતનો ‘આમ પન્ના’, પંજાબ અને હરિયાણાના લસ્સીના મોટા ગ્લાસ, રાજસ્થાન અને ગુજરાતમાં ભોજનની ઓળખ સમાન ‘છાશ’, બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશનું ઊર્જાદાયક ‘સત્તુ શરબત’, કોંકણ અને ગોવાનું ‘કોકમ શરબત’ તથા દક્ષિણ ભારતનું ‘પનકમ’ અને ‘નીર મોર’ માત્ર ઉનાળાના પીણાં નથી, પરંતુ તે ભારતના વૈવિધ્યસભર પ્રદેશોની સંસ્કૃતિ અને જીવનશૈલીનો હિસ્સો છે.

ઉનાળાની ઋતુ એટલે કેરીની ચર્ચાનો ગરમ વિષય. વડા પ્રધાને દેશની લોકપ્રિય કેરીઓ જેવી કે મહારાષ્ટ્રની હાપુસ, ગુજરાતની કેસર, ઉત્તર પ્રદેશની દશેરી અને લંગડા, બિહારની સુગંધિત જરદાલુ, ચૌસા અને માલદા તેમજ દક્ષિણ ભારતની તોતાપુરી, નીલમ અને હિમસાગરનો રસપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગર્વભેર જણાવ્યું કે ભારતના ગ્રામીણ વિસ્તારોની આ કેરીઓ હવે વૈશ્વિક બજારોમાં ધૂમ મચાવી રહી છે, અને આ માટે તેમણે કેરી પકવતા દેશના મહેનતુ ખેડૂતોનો આભાર માન્યો હતો. પોતાની તાજેતરની નેધરલેન્ડ્સ મુલાકાતનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, ત્યાં યોજાયેલા એક વિશેષ સમારોહમાં ચોલ કાળના ૨૧ મોટા અને ૩ નાના પ્રાચીન તાંબાની પ્લેટો (દાનપત્રો) ભારતને પરત કરવામાં આવ્યા છે. રાજા રાજેન્દ્ર ચોલ પ્રથમ દ્વારા બૌધ્ધ મઠને ગામ દાનમાં આપવાના ઉલ્લેખ ધરાવતા આ ઐતિહાસિક દસ્તાવેજો ચોલ શાસનની મજબૂત દરિયાઈ શક્તિ અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથેના ભારતના જૂના સબંધોને ઉજાગર કરે છે. આ ઉપરાંત છત્તીસગઢના મલ્હારમાંથી પાંડુવંશી શાસનકાળની ત્રણ દુર્લભ તાંબાની પ્લેટો મળી આવી છે. અંતમાં, વડા પ્રધાને ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લાના યુવાન આકાશ ગુપ્તાની પ્રેરણાદાયી પર્યાવરણ યાત્રા વિશે વાત કરી. આકાશે પોતાના ગામની પ્રદૂષિત અને પ્લાસ્ટિકથી ભરાયેલી ‘મનોરમા નદી’ને જોઈને કોઈ પણ ફરિયાદ કર્યા વિના તેને સાફ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. માત્ર એક જાળી, પાવડો અને ટોપલી સાથે મિત્રોની મદદથી તેમણે નદીમાંથી રોજનો ૫૦ થી ૬૦ કિલો કચરો બહાર કાઢીને નદીને ફરી જીવંત કરી દીધી છે. પીએમ મોદીએ ‘કોઈ ફરિયાદ નહીં, ફક્ત શરૂઆત’ ના આ આદર્શ મંત્રને દેશવાસીઓ માટે પરમ પ્રેરણારૂપ ગણાવ્યો હતો.






# ઉત્તરાખંડમાં આભ ફાટતા કેદારનાથ યાત્રા સ્થગિત, બદ્રીનાથ હાઈવે પર ટ્રાફિક જામ

દહેરાદૂન,તા.૩૧

ઉત્તરાખંડમાં અચાનક બદલાયેલા હવામાન, મુસળધાર વરસાદ અને ભૂસ્ખલનને કારણે કેદારનાથ યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદના ‘ઓરેન્જ એલર્ટ’ને પગલે સ્થાનિક વહીવટીતંત્રે યાત્રાળુઓની સુરક્ષા માટે આ નિર્ણય લીધો છે. મુસાફરોની સહાય માટે હેલ્પલાઈન નંબરો ૮૯૫૮૭૫૭૩૩૫, ૮૨૧૮૩૨૬૩૮૬ અને ૧૧૨ જાહેર કરવામાં આવ્યા છે.



બીજી તરફ, બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-7) પર જોશીમઠ નજીક ભારે ભૂસ્ખલન અને રસ્તાની ખરાબ સ્થિતિને કારણે મોટો ટ્રાફિક જામ સર્જાયો છે. ચમોલીના પોલીસ અધિક્ષક સુરજીત સિંહ પનવરે જણાવ્યું કે, બદ્રીનાથ અને હેમકુંડ સાહિબ જતાં ૪૫,૦૦૦ જેટલા શ્રધ્ધાળુઓના ભારે ધસારાને લીધે જોશીમઠ-મારવાડી માર્ગ પર દબાણ વધ્યું છે. ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે નરસિંહ મંદિર પાસે ઈમરજન્સી ‘ટોકન-આધારિત ગેટ સિસ્ટમ’ સક્રિય કરી ૩૦ મિનિટના અંતરે વન-વે ટ્રાફિક શરૂ કરાયો છે, જેથી ભક્તો સુરક્ષિત રીતે દર્શન કરી શકે.

# જનરલ એનએસ રાજા સુબ્રમણી દેશના નવા સીડીએસ બન્યા

નવી દિલ્હી,તા. ૩૧

જનરલ એનએસ રાજા સુબ્રમણીએ ભારતના નવા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) તરીકેનો પદભાર સંભાળી લીધો છે. તેઓ જનરલ અનિલ ચૌહાણનું સ્થાન લેશે. ૪૦ વર્ષથી વધુ લાંબી અને ગૌરવશાળી સૈન્ય કારકિર્દી ધરાવતા જનરલ સુબ્રમણી ચીન અને પાકિસ્તાન મામલાના નિષ્ણાત માનવામાં આવે છે. તેમની મુખ્ય પ્રાથમિકતા સશસ્ત્ર દળોમાં પરિવર્તન લાવવા, આત્મનિર્ભરતાને




વેગ આપવા અને ‘લશ્કરી થિયેટરાઈઝેશન’ (એકીકૃત લશ્કરી કમાન્ડ) યોજનાને સફળતાપૂર્વક અમલમાં મૂકી ત્રણેય સેનાઓ વચ્ચે પરસ્પર સંકલન મજબૂત કરવાની રહેશે. વિશિષ્ટ સેવા બદલ તેઓ પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM) સહિત અનેક સૈન્ય સન્માનોથી સન્માનિત છે.







# સાવરકુંડલા-મહુવા હાઈવે પર ગંભીર અકસ્માત: તંત્રની બેદરકારી સામે લોકરોષ

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલા-મહુવા હાઈવે પર વીજપડી અને ખડસલી વચ્ચે આવેલ ઉજળિયા હનુમાનજી આશ્રમ પાસેના જોખમી વળાંક પર ટ્રક અને મોટરસાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં મહુવાના રહેવાસી ૨૫ વર્ષીય યુવાન રોહિતભાઈ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે મહુવાની એસ.ઓ. એસ. હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ માથાના ભાગે હેમરેજ અને પગમાં ફ્રેક્ચર જણાતા વધુ સારવાર અર્થે ભાવનગર રિફર કરાયા છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, હાઈવેના આ વળાંક પર મોટું વડલાનું વૃક્ષ આવેલું હોવાથી સામેથી આવતાં વાહનો દેખાતા નથી. અગાઉ પણ આ વૃક્ષ હટાવવા રજૂઆતો કરવા છતાં તંત્રની ઘોર બેદરકારીને કારણે વધુ એક યુવાન અકસ્માતનો ભોગ બન્યો છે, જેને પગલે તંત્ર સામે ભારે જનઆક્રોશ જોવા મળી રહ્યો છે.



# રાજુલા એસટી ડેપોની બલિહારી: અણઘડ વહીવટના કારણે મુસાફરો ભારે પરેશાન

રાજુલા,તા.૩૧

અમરેલી જિલ્લાના રાજુલા એસટી ડેપોમાં અધિકારીઓના અણઘડ વહીવટને કારણે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તારીખ ૩૧.૦૫.૨૦૨૬ના રોજ વહેલી સવારે ૪:૫૫ કલાકે ઉપડતી રાજુલા-ભાવનગર બસ બે કલાક મોડી, એટલે કે સવારે ૦૬:૧૦ કલાકે ઉપડતા મુસાફરો અટવાયા હતા. ડેપો મેનેજરને ટેલિફોનિક જાણ કરવા છતાં કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નહોતી. રાજુલા ડેપોમાં લાંબા સમયથી આવી અવ્યવસ્થાઓ ચાલી રહી છે, જેમાં રાજુલા-જુનાગઢ બસ બંધ કરી દેવાઈ છે અને રાજુલા-રાજકોટ બસનો રૂટ પણ અવારનવાર કાપી નાખવામાં આવે છે. સ્થાનિકોની રજૂઆતો સામે ડેપો મેનેજર સ્ટાફ કે વાહનોની ઘટ હોવાના બહાના ધરી રહ્યા છે. આ ઉપરાંત, કાળઝાળ ગરમી વચ્ચે ડેપોનો વોટર ફિલ્ટર પ્લાન્ટ બંધ હોવાથી લોકોને ગરમ પાણી પીવા મજબૂર થવું પડે છે. વિશ્વ હિન્દુ પરિષદના સહ તંત્રી ભાવેશભાઈ ગોહિલે ચીમકી આપી છે કે જો આ વહીવટ તાકીદે સુધારવામાં નહીં આવે, તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે.




# દામનગર તન્ના પરિવારે માતાની સ્મૃતિમાં અધિક માસમાં વડીલોને તીર્થયાત્રા કરાવી

દામનગર,તા.૩૧



દામનગરમાં અધિક માસ નિમિત્તે તન્ના પરિવારે વડિલ માતાઓને તીર્થયાત્રા કરાવી હતી. સ્વ. મનીષાબેન વિનંતીભાઈ તન્નાની સ્મૃતિમાં વડીલ બહેનો માટે કુંડળધામ, સાળંગપુર, ઘેલા સોમનાથ, ગઢડા જેવા સ્થળોએ એક દિવસ માટે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ચા-પાણી, નાસ્તો તેમજ પ્રસાદીની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ યાત્રા પ્રવાસને સફળ બનાવવા મહેશભાઈ ચૌહાણ, મનસુખભાઈ મેવાડા અને અન્ય મિત્રોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# બાબરાની વિદ્યાર્થિનીએ પોતાની સંપૂર્ણ શિષ્યવૃત્તિ સંસ્થાને અર્પણ કરી

બાબરા,તા.૩૧

આજના સમયમાં જ્યાં વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે સઘન મહેનત કરી રહ્યા છે, ત્યાં બાબરાની એક નાનકડી દીકરીએ પોતાના શિક્ષણપ્રેમ, સંસ્કાર અને સંસ્થા પ્રત્યેની કૃતજ્ઞતાનો અનોખો દાખલો પૂરું પાડ્યો છે. ગાંધીનગરસ્થિત KDET (કાઠી દરબાર એજ્યુકેશન ટીમ) દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

આ સંસ્થામાં અભ્યાસ કરતી બાબરાની વિદ્યાર્થીની આરાધનાબેન ગૌતમભાઈ માંજરીયાએ રાજ્ય સરકારની PSE (પ્રાથમિક શિષ્યવૃત્તિ) પરીક્ષામાં ઉત્કૃષ્ટ સફળતા મેળવી હતી. રાજ્ય સરકાર તરફથી મળેલી અંદાજે રૂ. ૧૨,૦૦૦ની આ શિષ્યવૃત્તિની સંપૂર્ણ રકમ આરાધનાબેને KDET સંસ્થાને અર્પણ કરી હતી. નાની ઉંમરે લીધેલો આ નિર્ણય તેમની સંસ્થા પ્રત્યેની લાગણી, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને સમાજપ્રત્યેની જવાબદારીની ભાવનાને વ્યક્ત કરે છે.

સંસ્થાના હોદ્દેદારો તથા સમાજના આગેવાનોએ આરાધનાબેનને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.



# બાબરા નગરપાલિકા પ્રમુખ દ્વારા વોર્ડ નં. ૨ માં સફાઈ અભિયાનનું નિરીક્ષણ

બાબરા,તા.૩૧

નગરપાલિકા પ્રમુખ રંજનબેન પરવાડિયાએ વોર્ડ નં. ૨ વિસ્તારમાં સફાઈ અભિયાન અને વિવિધ વિકાસ કામગીરીનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન સ્થાનિક સભ્ય વસંતબેન મકવાણા અને અગ્રણી રમેશભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વિસ્તારમાં સફાઈ, ગટર લાઈન અને વરસાદી પાણીના નિકાલની સુવિધાઓની સમીક્ષા કરી સ્થાનિકોના પ્રશ્નો સાંભળ્યા હતા. પ્રમુખે શહેરના તમામ વોર્ડમાં સ્વચ્છતા જાળવવા અને નાગરિકોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.



# બાબરા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે તુષાર રામાણીએ સંભાળ્યો ચાર્જ

બાબરા,તા.૩૧

બાબરા તાલુકા પંચાયતના નવનિયુક્ત હોદ્દેદારોએ આજે કચેરી ખાતે શાસ્ત્રોક્ત વિધિ અને પૂજા-અર્ચના સાથે વિધિવત કાર્યભાર સંભાળ્યો છે. આ પ્રસંગે પ્રમુખ તરીકે તુષારભાઈ રામાણી, ઉપપ્રમુખ તરીકે ઉર્મિલાબેન કારેણા અને કારોબારી ચેરમેન તરીકે માધવભાઈ કટારીયાએ ચાર્જ ગ્રહણ કર્યો હતો. આ ઉપરાંત પક્ષના નેતા તરીકે કલ્પેશભાઈ મકવાણા અને દંડક તરીકે હીનાબેન ગરૈયાએ પણ પદભાર સંભાળ્યો હતો.કાર્યભાર સંભાળ્યા બાદ નવનિયુક્ત પ્રમુખ તુષારભાઈ રામાણીએ જણાવ્યું કે, બાબરા તાલુકાના સર્વાંગી વિકાસને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.



સ્પીડ બ્રેકર બનાવવા મુદ્દે

# બગસરાના વોર્ડ નંબર-૨ માં અરજદાર અને વોર્ડ સદસ્ય વચ્ચે માથાકૂટ

**સ્થાનિકોએ મામલો થાળે પાડ્યો**

બગસરા,તા.૩૧

બગસરા શહેરના વોર્ડ નંબર ૨ માં સ્પીડ બ્રેકર નાખવા બાબતે એક અરજદાર અને સ્થાનિક વોર્ડ સદસ્ય વચ્ચે ઉગ્ર શાબ્દિક બોલાચાલી બાદ મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. જો કે, આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નથી અને સ્થાનિક સ્તરે જ વિવાદ શાંત પાડવાના પ્રયાસો હાથ ધરાયા છે.

મળતી માહિતી મુજબ, વોર્ડ નંબર ૨ ના એક સ્થાનિક રહીશ વિસ્તારમાં વાહનોની ગતિ પર નિયંત્રણ લાવવા માટે સ્પીડ બ્રેકર મૂકવાની લોકહિતની રજૂઆત કરવા માટે વોર્ડના સદસ્ય પાસે ગયા હતા. આ ચર્ચા દરમિયાન કોઈ મુદ્દે બંને પક્ષો વચ્ચે મતભેદ સર્જાયા હતા. સામાન્ય ચર્ચાએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે બંને વચ્ચે શાબ્દિક બોલાચાલી અને બાદમાં અંદરોઅંદર ઝપાઝપી તથા મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.વોર્ડ સદસ્યને જણાવ્યું હતું કે રજૂઆત કરવાની પદ્ધતિ યોગ્ય ન હતી અને ઉશ્કેરણીજનક વર્તન કરવામાં આવતા મામલો બિચક્યો હતો. આ બાબતે અરજદારનો આક્ષેપ હતો કે લોકહિતની અને વ્યાજબી રજૂઆત કરવા છતાં સદસ્ય તરફથી યોગ્ય સહકાર મળ્યો ન હતો અને વાત વણસી ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને મધ્યસ્થી કરીને બંને પક્ષોને શાંત પાડ્યા હતા. આ બાબતે હજુ સુધી આ મામલે કોઈપણ પક્ષ દ્વારા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી નથી. સ્થાનીક અગ્રણીઓ દ્વારા બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થાય અને વોર્ડમાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# રાજુલા ખાતે બાપા સીતારામ સેવા સમિતિ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

રાજુલા,તા.૩૧

રાજુલા ખાતે બાપા સીતારામ સેવા સમિતિ દ્વારા માનવસેવાના હેતુથી એક ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરાયું હતું. તેમણે રક્તદાનને મહાદાન ગણાવીને આયોજક સાગર સરવૈયા અને તેમની સમગ્ર ટીમને બિરદાવી હતી. આ કેમ્પમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકે વિશેષ સેવાઓ આપી હતી. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે સમિતિ અને દાતાઓના સહયોગથી દરેકને એક પાવર બેંક ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્વ. પ્રવીણભાઈ જોટકિયાના પરિવાર તરફથી તમામ રક્તદાતાઓને ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

# બાબરાના અમરાપરા ગામે પુરુષોત્તમ માસ નિમિત્તે સત્સંગની અનોખી ધૂમ

બાબરા,તા.૩૧

બાબરા તાલુકાના અમરાપરા ગામનું રામજી મંદિર પવિત્ર પુરુષોત્તમ માસમાં ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું છે. દરરોજ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ વાગ્યા દરમિયાન મોટી સંખ્યામાં બહેનો અને ભક્તજનો સત્સંગનો લાભ લઈ રહ્યા છે. વ્યાસપીઠ પરથી પૂજ્ય જગદીશદાદા પુરુષોત્તમ મહાત્મ્યના એક-એક અધ્યાયનું ભાવપૂર્વક વાચન અને સુંદર વ્યાખ્યાન રજૂ કરે છે, જેના કારણે ઉપસ્થિત ગોપીઓ અને ભક્તજનો ભક્તિરસમાં તરબોળ બની જાય છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મંદિરના પૂજારી ઘનશ્યામદાસ અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું છે. સાથે સાથે અમરાપરા સીતારામ ધૂન મંડળ તરફથી પણ સહયોગ આપવામાં આવી રહ્યો છે. દરરોજ નવા-નવા દાતાઓ દ્વારા પ્રસાદ અને શીતળ સરબતની સેવા પણ આપવામાં આવી રહી છે.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ સહીતના મહાનુભાવોની હાજરી**

# શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ






લાઠી, તા. ૩૧

શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સાધારણ સભા લાઠીના શેખ પીપરિયા ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. સભામાં મોટી સંખ્યામાં સભાસદોએ હાજરી આપી હતી અને મંડળીની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સભાના પ્રારંભે સંસ્થાના પ્રમુખ ગોરધનભાઈ ગેડીયાએ ઉપસ્થિત સભાસદોનું સ્વાગત કરી મંડળીની વિકાસયાત્રા, નાણાકીય સ્થિતિ તેમજ ભાવિ આયોજન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ મંત્રી રાજુભાઈ સુરાણીએ વર્ષ ૨૦૨૫-૨૬નો અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે ઓડિટ રિપોર્ટ અને વાર્ષિક હિસાબો સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

સભામાં મંડળીની થાપણ, ધિરાણ, વસૂલાત અને નફાકારક કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત સભાસદોએ મંડળીના પારદર્શક વહીવટ અને સભાસદલક્ષી અભિગમની પ્રશંસા કરી હતી. સભામાં વિવિધ ઠરાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભોજલધામ ફતેપુરના મહંત ભક્તિરામ બાપુ, ખોડલધામ નેસડીના મહંત લવજીબાપુ, ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ,સાંસદ ભરતભાઈ સુતરિયા, વસંતભાઈ મોવલિયા, બેચરભાઈ ભાદાણી, બી.એલ.રાજપરા,બાવકુભાઈ ઊંધાડ,જેનીબેન ઠુમર, સુરેશભાઈ દેસાઈ, મનીષભાઈ માંગરોળિયા, દકુભાઈ ભુવા,દેવચંદભાઈ કપોપરા,ભાવેશભાઈ રામાણી, અશોકભાઈ ભાદાણી,કાળુભાઈ સુહાગીયા, દયાળભાઈ સંઘાણી, એમ.કે. સાવલીયા, ચતુરભાઈ ખૂટ, કરશનભાઈ ડોબરીયા, ડી.કે.રૈયાણી, રાજુભાઈ માંગરોળીયા, કાંતિભાઈ વધાસીયા, શંભુભાઈ પાંચાણી, ચૂનિભાઈ વાડદોરીયા,મગનભાઈ કોઠીયા, વિનુભાઈ ભાટીયા,રિધેશભાઈ નાકરાણી, અશ્વિનભાઈ ધાનાણી,ભરતભાઈ બોદર, ગુણવંતભાઈ ભંડેરી, રણછોડભાઈ સાબલપરા,વિજયભાઈ દેસાઈ, જયસુખભાઈ દેસાઈ સહિત આગેવાનો અને મંડળીના હોદ્દેદારો, ડિરેક્ટરઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ બટુકભાઈ શીયાણીએ કરી હતી.

# જાફરાબાદની ટીંબી કન્યા શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની ભરતી

અમરેલી,તા.૩૧

પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) યોજના અંતર્ગત જાફરાબાદ તાલુકાની 'કન્યા શાળા ટીંબી કેન્દ્ર નં. ૧૬' ખાતે મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક (સ્થાનિક, સામાન્ય ઉમેદવાર)ની જગ્યા માટે ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે. આ જગ્યા માટે રસ ધરાવતા અને લાયકાત ધરાવતા ઉમેદવારો આગામી તા. ૧૫ જૂન, ૨૦૨૬ સુધીમાં અરજી કરી શકશે.જાફરાબાદ મામલતદાર કચેરીની યાદી મુજબ, ધોરણ-૧૦ પાસની શૈક્ષણિક લાયકાત અને ૨૦ થી ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ઉમેદવારો આ માટે પાત્ર ગણાશે. નિયત નમૂનાના કોરા અરજી પત્રકો જાફરાબાદ તાલુકા મામલતદાર કચેરીમાંથી જાહેર રજા સિવાયના કામકાજના દિવસો દરમિયાન વિના મૂલ્યે મેળવી શકાશે. ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથે ભરેલું અરજી ફોર્મ તા. ૧૫.૦૬.૨૦૨૬ ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યા પહેલા મામલતદાર કચેરી, જાફરાબાદ ખાતે રૂબરૂમાં સબમિટ કરવાનું રહેશે.

# કપાસના પાકમાં વાવણી પહેલાં અને વાવણી સમયે કાળજી રાખવા ખેતીવાડી ખાતાનો અનુરોધ

અમરેલી,તા.૩૧

કપાસના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે ખેડૂતોએ વાવણી પહેલાં અને વાવણી સમયે વિશેષ માર્ગદર્શિકા અનુસરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે. લાંબા ગાળે પાકની ફેરબદલી સાથે જમીનમાં પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય અને રાસાયણિક ખાતરો આપવા જરૂરી છે. ચાસમાં ભેજ હોય ત્યારે એરંડીના ખોળ સાથે ટ્રાયકોડર્મા વિરીડી ભેળવીને આપવાથી ફાયદો થાય છે.નવો સુકારો (પેરાવિલ્ટ) અટકાવવા માટે હલકી જમીનમાં પાળા પધ્ધતિ અપનાવવી અને આંતરપાક તરીકે મઠ, અડદ કે મકાઈ વાવવા હિતાવહ છે. બીજજન્ય રોગો અને ખૂણિયા ટપકાના નિયંત્રણ માટે વાવણી સમયે બીજને રૂવાંટીમુક્ત કરી, ગંધકના તેજાબથી સાફ કર્યા બાદ ટ્રાયકોડર્મા, કાર્બોક્ઝીન અથવા સ્યુડોમોનાસ જેવી જૈવિક-રાસાયણિક દવાઓનો પટ આપીને જ વાવેતર કરવું.

# અમરેલી જિલ્લા તમાકુ નિયંત્રણ સેલને પ્રતિષ્ઠિત "ઓવરઓલ એક્સેલન્સ" એવોર્ડ મળ્યો

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ (DTCC) ના સઘન પ્રયાસો અને આયોજનબધ્ધ કામગીરીને કારણે જિલ્લાને રાજ્ય કક્ષાનો ગૌરવપૂર્ણ "ઓવરઓલ એક્સેલન્સ" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે આ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા આપનાર કર્મચારીઓનું વિશેષ સન્માન કરાયું હતું. જિલ્લામાં વ્યસનમુક્તિ માટે વર્ષભર અસંખ્ય કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ૧૧ રેલીઓ,



૫૦ શિબિરો અને ૩૧૪ સંકલ્પ કાર્યક્રમો દ્વારા હજારો નાગરિકોને વ્યસનમુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા. યુવા પેઢીને બચાવવા માટે ૭૭૮ શૈક્ષણિક સંસ્થાઓમાં "તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા" (ToFEI) ના કડક નિયમો લાગુ કરાયા છે. તદુપરાંત, કાયદાના પાલન માટે 'કોટપા' (COTPA) હેઠળ ૧,૫૩૨ કેસ નોંધીને રૂપિયા ૧,૫૦,૨૫૫નો દંડ વસૂલવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાએ ગ્રામીણ સ્તરે ઈતિહાસ રચતા ૬૨૬ ગામોની ૬૦૩ ગ્રામ પંચાયતોમાં "સ્મોક ફ્રી વિલેજ" ના સત્તાવાર ઠરાવો પસાર કરાવ્યા છે, જે સિધ્ધ મેળવનાર તે રાજ્યનો એકમાત્ર જિલ્લો બન્યો છે. આ જનઆંદોલનમાં ૧૮,૮૪૭થી વધુ ગ્રામજનો સીધા જોડાયા હતા.









# પીએમ કિસાન સન્માન નિધિના લાભાર્થીઓએ તા.૩૦ જૂન સુધીમાં ઈ-કેવાયસી કરવાનું રહેશે

**CSC અથવા ઈ-ગ્રામ કેન્દ્ર પર જઈને બાયોમેટ્રિક પદ્ધતિથી KYC થઈ શકશે**

અમરેલી,તા.૩૦

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાના તમામ લાભાર્થીઓ માટે વર્ષ ૨૦૨૬-૨૭નું વાર્ષિક ઈ-કેવાયસી (e-KYC) આગામી ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. દર વર્ષના પ્રથમ હપ્તાના વિતરણ પહેલાં આ પ્રક્રિયા કરાવવી આવશ્યક છે અને જે ખેડૂતો આ ઓથેન્ટિકેશન પૂર્ણ કરશે, તેમને જ યોજનાનો આગામી હપ્તો મળવાપાત્ર રહેશે. લાભાર્થીઓ નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ઈ-ગ્રામ કેન્દ્ર પર જઈને બાયોમેટ્રિક પધ્ધતિથી આ કામગીરી કરાવી શકે છે. આ ઉપરાંત, ગ્રામ્ય કક્ષાએ વિલેજ નોડલ ઓફિસર દ્વારા અથવા ખેડૂતો પોતે પીએમ-કિસાન મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરીને ફેસ ઓથેન્ટિકેશન (ચહેરો ઓળખવાની પધ્ધતિ) દ્વારા ઓનલાઈન ઈ-કેવાયસી જાતે પણ કરી શકે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કામગીરીને કેમ્પેઈન મોડમાં ઉપાડીને ગામડાઓમાં વિશેષ કેમ્પો અને જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તમામ ખેડૂત મિત્રોને સમયમર્યાદામાં ઈ-કેવાયસી કરાવી લેવા અને વધુ માહિતી માટે ગ્રામ તલાટી કે તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

# બાબરામાં આંચકીની બીમારીથી યુવકનું મોત

બાબરા, તા.૩૧

બાબરામાં આંચકીની બીમારીથી યુવકનું મોત થયું હતું. આ અંગે બીપીનભાઈ અરવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૬) એ જાહેર કર્યા મુજબ, ધર્મેશભાઈ અરવિંદભાઈપરમાર(ઉ.વ.૩૩)ને આંચકીની બીમારી હતી. આંચકી આવતા બેભાન થઈ જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.









## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૨૭/૨૦૨૬

અરજદાર :- શ્રી કયાડા કમળાબેન ખોડાભાઈ
રહે.જાળીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.જાળીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જાળીયા ગામમાં અરજદાર શ્રી કયાડા કમળાબેન ખોડાભાઈ તેઓના પુત્ર કયાડા જગદીશ ખોડાભાઈની જન્મ (તા.૦૫/૦૩/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય




# સાવરકુંડલા ખાતે શતાબ્દી વર્ષ અંતર્ગત બાળ રમતોત્સવ સંપન્ન

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલાની પ્રતિષ્ઠિત સંસ્થા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી વર્ષ મહોત્સવ અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે ભવ્ય 'બાળ રમતોત્સવ'નું આયોજન કરાયું હતું. ડિજિટલ યુગમાં બાળકો મોબાઈલ છોડી મેદાની રમતો તરફ વળે અને તેમની શારીરિક-માનસિક શક્તિઓ ખીલે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.




આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, એસ.પી. સંજય કરાત, ડીવાયએસપી, મામલતદાર, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના પ્રમુખ પારેખ, દીપકભાઈ શેઠ અને વિનુભાઈ રાવળ સહિતના ટ્રસ્ટીઓએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. કેતનભાઈ ખુમાણના સંચાલન હેઠળ યોજાયેલા આ ઉત્સવમાં વિજેતા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા અને અંતે અલ્પાહાર યોજાયો હતો.

# લાઠીના નારાયણનગરમાં 'એક કા ડબલ'ની લાલચ આપી યુવક સાથે ઓનલાઈન છેતરપિંડી

લાઠી, તા.૩૧

લાઠીના નારાયણનગરમાં વધુ એક સાયબર ફ્રોડનો કિસ્સો સામે આવ્યો હતો. ટેલિગ્રામ પર 'એક કા ડબલ' ટાસ્કની લોભામણી લાલચ આપી નારાયણનગરના એક યુવક સાથે રૂ. ૨૨,૮૦૦ ની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે સાહીદભાઈ હાજીભાઈ તાજાણી (ઉ.વ.૨૧)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ટેલિગ્રામ પર અજાણ્યા ટેલિગ્રામ યુઝર્સ લિંક મોકલનાર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. ઠગોએ પોતાની ખોટી ઓળખ આપી અને ખોટી હકીકતો રજૂ કરીને તેમને રોકાણ સામે બમણી રકમ મેળવવાની લાલચ આપી હતી. આ માટે તેને અલગ-અલગ બે લિંક મોકલવામાં આવી હતી અને ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના બહાને વિશ્વાસમાં લેવામાં આવ્યો હતો. જે બાદ તેણે પોતાના ગૂગલ પે એકાઉન્ટનો ઉપયોગ કરી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કર્યા હતા. જેમાં તેના બેંક ખાતા નંબરમાંથી કટકે-કટકે કુલ રૂ. ૨૨,૮૦૦ની રકમ કપાઈ ગઈ હતી. તપાસ કરતા આ રકમ સૂર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેંક અને કેનરા બેંકના ખાતામાં જમા થઈ ગઈ હતી. પૈસા કપાઈ ગયા બાદ વળતર ન મળતા અને ઠગ ટોળકીએ સંપર્ક કાપી નાંખ્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના પી આઈ એન જી જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ડૉક્ટર સાથે ટેલિગ્રામ એપ્લિકેશન દ્વારા રૂ. ૪.૦૫ લાખની ઓનલાઈન છેતરપિંડી

**પ્રોફિટ કે મૂળ રકમ પરત ન મળતા ડોક્ટરને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો**

બાબરા, તા.૩૧

અમરેલી જિલ્લામાં દિન-પ્રતિદિન ઓનલાઈન ફ્રોડના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે બાબરાના એક ડૉક્ટર સાયબર ગુનેગારોની જાળમાં ફસાયા હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ટેલિગ્રામ પર અલગ-અલગ આઈડી ધારકોએ ડૉક્ટરને રોકાણ સામે ઊંચા વળતરની લાલચ આપી કુલ રૂ. ૪,૦૫,૦૦૦ ની ઓનલાઈન છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ભોગ બનનાર ડૉક્ટર મોહીતભાઈ કીશોરભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)એ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ડૉક્ટરનો સંપર્ક ટેલિગ્રામના એક અજાણ્યા એકાઉન્ટ ધારક દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નિહારિકા, દીપક (કસ્ટમર સર્વિસ મેનેજર), કબીર (ઓપરેશન્સ મેનેજર-ગૌતમ), સીનિયર એડમિનિસ્ટ્રેટર અને માનવ (વિડ્રોઅલ મેનેજમેન્ટ) નામના અલગ-અલગ ટેલિગ્રામ આઈડી પરથી મેસેજ કરી ડૉક્ટરને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. શરૂઆતમાં ડૉક્ટરને રોકાણકાર તરીકે જોડી રૂ. ૩,૬૧૦ નો પ્રોફિટ પાછો આપી મોટી રકમ રોકાણ કરવાની લાલચ આપવામાં આવી હતી. ડૉક્ટરને મોટી કમાણીની માયાજાળમાં ફસાવી અલગ-અલગ યુપીઆઈ આઈડી અને અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૪,૦૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા બાદ પ્રોફિટ કે મૂળ રકમ પરત ન મળતા ડૉક્ટરને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જે બાદ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

**કઈ કઈ બેંકમાં રૂપિયા ટ્રાન્સફર**

આરોપીઓએ ડોક્ટર પાસેથી એક્સિસ બેંક, બેંક ઓફ બરોડા, કેનરા બેંક, એચડીએફસી બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સાઉથ ઈન્ડિયન બેંકમાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા.

# અમરેલી એસટી ડેપોમાં ગાયત્રી પરિવાર અને એસટી તંત્રના સહયોગથી વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૩૧

અમરેલી ખાતે આવેલા એસટી ડેપોમાં ગાયત્રી પરિવાર તેમજ એસટી ડેપોના સંયુક્ત સહયોગથી ૩૧ મે 'વિશ્વ તમાકુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડેપો પરિસરમાં ઉપસ્થિત મુસાફરો, ડ્રાઈવર, કંડક્ટર અને અન્ય સ્ટાફ મિત્રોને તમાકુ તેમજ અન્ય નશીલા પદાર્થોના સેવનથી થતા નુકસાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. ગાયત્રી પરિવારના સભ્યો અને એસટી ડેપોના અધિકારીઓની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત લોકોને તમાકુનું વ્યસન છોડવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને સમાજને વ્યસનમુક્ત બનાવવા માટે સૌના સહિયારા પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો હતો.



# સાવરકુંડલાના જુના સાવર ગામેથી અમરેલી એલસીબી ટીમે દારૂ, બિયરનો જથ્થો ઝડપ્યો

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાના જુના સાવર ગામેથી અમરેલી એલસીબી ટીમે દારૂ, બિયરનો જથ્થો ઝડપ્યો હતો. સુરેશભાઈ વિનુભાઈ કડેવાળ (ઉ.વ.૨૮)ના કબ્જામાંથી પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની નાની બોટલ ચપટા નંગ-૨૪,બિયરના ટીન નંગ-૨૪, મોબાઈલ ફોન નંગ-૧, પ્લાસ્ટકીના બાચકા નંગ-૨, સ્કીન શોર્ટની પ્રીન્ટ નંગ ૩ મળી કુલ કિ.રૂ.૧૦,૬૩૧નો પ્રોહીબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમણે આ માલ તેમના ગામના અને હાલ સુરત રહેતા હાર્દિકભાઈ રાજેશભાઈ ધુડકીયા પાસેથી ખરીદ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી.મારૂ વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાંથી ત્રણ મહિલા સહિત ૧૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાંથી વિવિધ સ્થળેથી ૨૪ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.



# રાજુલાના દાતરડી ગામે ગેરકાયદેસર ડીઝલ વેચાણ કૌભાંડનો પર્દાફાશ

રાજુલા, તા.૩૧

રાજુલા તાલુકાના દાતરડી ગામે નેશનલ હાઈવે સામે બાયપાસ પર આવેલા એક પેટ્રોલિયમ પંપ પર તંત્ર દ્વારા દરોડો પાડી ગેરકાયદેસર રીતે ડીઝલનો સંગ્રહ અને વેચાણ કરવાના મોટા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. સરકારની કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી કે જી.એસ.ટી. બિલ વગર મોટા પાયે કરચોરી કરીને ઓટોમોટિવ ડીઝલ વેચવાના આ મામલે પંપના પ્રોપ્રાઈટર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજુલા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ હરેશકુમાર ભાનુશંકર પુરોહિતે દાતરડી ગામે કુળદેવી એન્ટરપ્રાઈઝ પેટ્રોલિયમ પંપના પ્રોપરાઈટર યુવરાજસિંહ રણજીતસિંહ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો મુજબ, દાતરડી બાયપાસ પર નેશનલ હાઈવેની સામે આવેલા 'કુળદેવી એન્ટરપ્રાઈઝ પેટ્રોલિયમ પંપ' ખાતે પંપના પ્રોપ્રાઈટર દ્વારા સરકારની કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ઓટોમોટિવ ડીઝલ ફ્યુઅલ BS-VI (HSD) નો મોટો જથ્થો સંગ્રહ કરી રાખવામાં આવ્યો હતો. આ પંપ પરથી કમર્શિયલ અને પેસેન્જર વાહનોમાં ગેરકાયદેસર રીતે આ ડીઝલનું ધૂમ વેચાણ કરવામાં આવતું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું કે, આરોપી પ્રોપ્રાઈટર દ્વારા કમર્શિયલ વાહનોમાં ડીઝલ ભરતી વખતે જી.એસ.ટી. કે અન્ય કોઈ પણ પ્રકારના માન્ય આધાર બિલ આપવામાં આવતા નહોતા. બિલ વગર જ ડીઝલનો આખો ખેલ પાડીને સરકારની મોટા પાયે કરચોરી કરવામાં આવી રહી હતી. આ ઉપરાંત, પેટ્રોલિયમના કાયદાઓનું સરેઆમ ઉલ્લંઘન કરીને, સુરક્ષાના કોઈ પણ સાધનો કે પરવાનગી વગર આ જથ્થો રાખવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પડવો
તા.૦૧-૦૬-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૫૮,
સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જયેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૬-૨૦૨૬ સોમવાર

- મેષ: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.
- વૃષભ: આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે.
- મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો.
- કર્ક: આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે.
- સિંહ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે.
- તુલા: દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે
- વૃશ્ચિક: રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે.
- ધન: આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે.
- મકર: ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો.
- કુંભ: આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે.
- મીન: આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે.

# અમરેલીના માંગવાપાળ ગામે જૂની અદાવતમાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી

અમરેલી, તા.૩૧

અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે સવારના સમયે પોતાના ઘરની બહાર મોં ધોઈ રહેલા એક યુવક પર ત્રણ શખ્સોએ ધસી આવી ગાળો ભાંડી, લાકડી તથા ઢીકાપાટુ વડે હિંસક હુમલો કર્યો હતો. આ ઝઘડામાં પુત્રને બચાવવા વચ્ચે પડેલા વૃધ્ધ માતાને પણ લાકડી ફટકારી ઈજા પહોંચાડવામાં આવી હતી. હુમલાખોરોએ જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપતાં ગયા હતા. બનાવ સંદર્ભે કલ્પેશભાઈ હિમંતભાઈ ખીટોલીયા (ઉવ ૩૪)એ દીવાબેન લાલજીભાઈ દાફડા, કુંજલબેન ભરતભાઈ ખીટોલીયા તથા ગૌતમભાઈ ધીરૂભાઈ ખીટોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેઓ સવારના સમયે માંગવાપાળ ગામે આવેલા પોતાના ઘરની બહાર મોં ધોઈ રહ્યો હતો. તે દરમિયાન કોઈ જૂની બાબતની અદાવત રાખીને ત્રણેય હુમલાખોરો ત્યાં ધસી આવ્યા હતા. દીવાબેન દાફડાએ અચાનક બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું અને ઉશ્કેરાઈ જઈને યુવકના ગાલ પર બે લાફા મારી દીધા હતા. આટલેથી ન અટકતા કુંજલબેન ખીટોલીયા પણ ગાળો દેવા લાગ્યો હતો અને તેને પકડીને ગળાના ભાગે ગંભીર રીતે વિખોડીયા ભરી લીધા હતા. જ્યારે ગૌતમભાઈ ખીટોલીયાએ પોતાની પાસે રહેલી લાકડી વડે હિંસક હુમલો કરી, એક ઘા પીઠના ભાગે અને બીજો ઘા ડાબા પગ પર ફટકારી દીધો હતો. ત્યારબાદ ત્રણેય આરોપીઓ એકસંપ થઈને આડેધડ ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. આ સમયે તેમની વૃધ્ધ માતા બચાવવા વચ્ચે પડ્યા ત્યારે તેમને પણ ડાબા પર લાકડી મારી હતી. આરોપીઓ જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એચ.ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

**ઝઘડામાં પુત્રને બચાવવા વચ્ચે પડેલા વૃધ્ધ માતાને પણ લાકડી ફટકારી ઈજા પહોંચાડવામાં આવી**

# ધજડી ગામના યુવકનો મોબાઈલ હેક કરી ૯૮,૦૦૦ની ઠગાઈ

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાના ધજડી ગામના યુવકનો મોબાઈલ હેક કરી રૂપિયા ૯૮,૦૦૦ની ઠગાઈ આચરવામાં આવી હતી. આ અંગે ભરતભાઈ દીલુભાઈ ખુમાણે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોબાઈલ ફોનને કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કોઈ રીતે હેક કરવામાં આવ્યો હતો. જે બાદ તેમના બેંક એકાઉન્ટમાથી રૂ.૯૮,૦૦૦ની ઠગાઈ આચરવામાં આવી હતી.

# જાફરાબાદના ચાંચબંદરમાં કોન્ટ્રાક્ટર સાથે સાયબર ફ્રોડ: RTO R-ચલણ એપીકે ફાઈલ ઓપન કરતા ખાતામાંથી રૂ. ૩.૫૭ ઉપડી ગયા

જાફરાબાદ, તા.૩૧

જાફરાબાદના ચાંચબંદરમાં કોન્ટ્રાક્ટર સાથે સાયબર ફ્રોડ થયો હતો RTO R-ચલણ એપીકે ફાઈલ મોકલી ખાતામાંથી રૂ. ૩.૫૭ સેરવી લીધા આ મામલે પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. વિપુલભાઈ વલ્લભભાઈ શિયાળ (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, આ ગુનાની શરૂઆત એક સુઆયોજિત કાવતરા હેઠળ થઈ હતી. અજાણ્યા સાયબર ગુનેગારે છેતરપિંડી કરવાના ઈરાદે તેના મિત્ર ગોપાલના વોટ્સએપ પર RTO Echallan.apk નામની એક ભેદી એપ્લિકેશન મોકલી હતી. આ લિંક ઓપન કરતા જ ગોપાલનો ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ હેકર્સે ગોપાલના જ વોટ્સએપ એકાઉન્ટમાંથી કોન્ટ્રાક્ટરના 'કિંગ ઓફ ચાંચ' નામના વોટ્સએપ ગ્રૂપમાં આ ભ્રામક એપ્લિકેશન ફોરવર્ડ કરી દીધી હતી. ગ્રૂપમાં પોતાના મિત્ર દ્વારા જ મેસેજ આવ્યો હોવાનું સમજીને ફરિયાદી કોન્ટ્રાક્ટરે આર.ટી.ઓ. ઈ-ચલણની એપ્લિકેશન માનીને તેને પોતાના મોબાઈલમાં ઓપન કરી હતી. આ એપ્લિકેશન ઓપન થતાં જ સાયબર ઠગોએ કપટપૂર્વક ફરિયાદીના આખાય મોબાઈલનું એક્સેસ પોતાના હાથમાં લઈ લીધું હતું. ત્યારબાદ તેમની જાણ બહાર તેના મોબાઈલમાં રહેલી બેંકિંગ એપ્લિકેશન અને ગુપ્ત વિગતો ઈન્ટરનેટના માધ્યમથી ચોરી લેવામાં આવી હતી. જે બાદ કટકે-કટકે કુલ રૂ. ૩,૫૭,૨૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. બેંક ખાતામાંથી લાખો રૂપિયા ઉપડી ગયાનો મેસેજ આવતા જ કોન્ટ્રાક્ટરના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

# અમરેલી શહેર નજીક તસ્કરોએ વાડીઓમાંથી સબમર્સિબલ મોટરના કોપર વાયરની ચોરી

**ઈસમ અંદાજિત કુલ રૂ.૩૭.૫૦૦ કોપર વાયની ચોરી કરી નાસી છૂટયો**

અમરેલી, તા.૩૧


અમરેલીના ચક્કરગઢ રોડ તેમજ લીલીયા રોડ પર પાણા ખાણ વાળા રસ્તે આવેલી અલગ-અલગ વાડીઓને તસ્કરોએ નિશાન બનાવી સબમર્સિબલ મોટરના કોપર વાયરની ચોરી કરી હતી. બનાવ અંગે રતિભાઈ ફુલાભાઈ દેવાણી (ઉ.વ.૪૮) એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તસ્કરોએ વાડીના કૂવામાં મૂકેલી સબમર્સિબલ મોટરની સાથે બહાર રાખવામાં આવેલો કુલ ૩૭૫ ફૂટ કોપર વાયર, જેની અંદાજિત કિંમત રૂ. ૩૭,૫૦૦ થાય છે, તેની ચોરી કરી નાસી છૂટ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી પી ખાટરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# યુધ્ધની અગનજાળ વિસ્તારી રહી છે

૨૧મી સદીનું આંતરરાષ્ટ્રીય રાજકારણ આજે એક અત્યંત નાજુક અને વળાંકવાળા વહેણ પર આવીને ઊભું રહ્યું છે. તાજેતરમાં વૈશ્વિક મંચ પર બનેલી ભૌગોલિક અને વ્યાપારી ઉથલપાથલોએ સાબિત કરી દીધું છે કે હવે દુનિયા કોઈ એક મહાસત્તાના ઈશારે ચાલવાની નથી. પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચે વધી રહેલો અવિશ્વાસ, આર્થિક પ્રતિબંધોની રમત અને નવા લશ્કરી ગઠબંધનો એ સંકેત આપે છે કે વૈશ્વિક સ્તરે એક અદ્રશ્ય નવું શીતયુધ્ધ શરૂ થઈ ચૂક્યું છે. આ ઘટના માત્ર બે ભૌગોલિક સરહદો વચ્ચેનો વિવાદ નથી, પરંતુ તે સમગ્ર વિશ્વના અર્થતંત્ર, સુરક્ષા અને માનવતાના ભવિષ્યને પ્રભાવિત કરનારી એક દૂરોગામી કટોકટી છે. આના કારણે હવે લાગે છે કે વિશ્વ શાંતિ શબ્દ ડીક્ષનરીમાં જ રહી જશે. લાંબા સમયથી ચાલતા યુધ્ધો અને શીત યુધ્ધ (Cold War) એ માનવ ઈતિહાસના એવા પ્રકરણો છે જેણે વૈશ્વિક નકશા, અર્થતંત્ર અને માનવ સંસ્કૃતિને કાયમી ધોરણે બદલી નાખી છે. જ્યારે આપણે ઈતિહાસ અને વર્તમાન પર નજર કરીએ છીએ, ત્યારે સમજાય છે કે શસ્ત્રોની લડાઈ કરતાં પણ વધુ ભયાનક વિચારધારાઓ અને અહંકારની લડાઈ હોય છે, જે દાયકાઓ સુધી માનવજાતને ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર કરે છે. ઈતિહાસમાં એવા ઘણા સંઘર્ષો છે જે વર્ષો કે દાયકાઓ નહીં, પરંતુ સદીઓ સુધી ચાલ્યા છે. યુરોપમાં ૧૪મી અને ૧૫મી સદી દરમિયાન ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે રમાયેલું 'સો વર્ષનું યુધ્ધ' (Hundred Years' War) આનું મોટું ઉદાહરણ છે. તે જ રીતે વીસમી સદીમાં વિયેતનામ યુધ્ધ કે અફઘાનિસ્તાનમાં દાયકાઓ સુધી ચાલેલો આંતરિક અને બાહ્ય સંઘર્ષ આધુનિક ઈતિહાસના લાંબા ગાળાના વિનાશના સાક્ષી છે. વળી, વર્તમાન સમયમાં પણ મધ્ય પૂર્વ (ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વિવાદ) કે રશિયા-યુક્રેન વચ્ચે ચાલતો ખેંચતાણ લાંબા ગાળાના સંઘર્ષોનું નવું સ્વરૂપ છે. આ સંઘર્ષની સૌથી મોટી અને તાત્કાલિક અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે. આજે સમગ્ર વિશ્વ વૈશ્વિકીકરણના તાંતણે પરસ્પર જોડાયેલું હોવાથી વિશ્વના કોઈ એક ખૂણામાં થતી હલચલ આખી દુનિયાને પ્રભાવિત કરે છે. કાચા તેલ અને કુદરતી ગેસના પુરવઠામાં અવરોધ આવવાના કારણે દુનિયાભરમાં ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે, જેણે મોંઘવારીનો એક નવો આંતરરાષ્ટ્રીય માર સર્જ્યો છે. આ સિવાય, સંઘર્ષગ્રસ્ત વિસ્તારો અનાજ અને ખાતરના મોટા નિકાસકારો હોવાથી સપ્લાય ચેઈન તૂટી છે, જેના કારણે વિકાસશીલ દેશો સામે ખાદ્ય સંકટ અને ભૂખમરાનું જોખમ ઊભું થયું છે. વૈશ્વિક શેરબજારોની અસ્થિરતા રોકાણકારોના ભયને સ્પષ્ટપણે રજૂ કરે છે. આ સમગ્ર ઘટનાક્રમે સંયુક્ત રાષ્ટ્ર જેવી વૈશ્વિક સંસ્થાઓની લાચારી અને અપ્રાસંગિકતાને પણ ઉજાગર કરી દીધી છે. મહાસત્તાઓના નકારાધિકાર એટલે કે વીટો પાવરના કારણે આ સંસ્થાઓ માત્ર ચર્ચાનું કેન્દ્ર બનીને રહી ગઈ છે. હવે સમય પાકી ગયો છે કે આ વૈશ્વિક સંગઠનોમાં તાત્કાલિક સુધારા કરવામાં આવે જેથી પૃથ્વી પર શાંતિ સ્થપાઈ શકે. વિશ્વના નેતાઓએ હવે અહંકાર અને વિસ્તારવાદી નીતિઓ છોડીને ટેબલ પર બેસીને વાતચીત કરવી જ પડશે. માનવતાનો બચાવ માત્ર શસ્ત્રોથી નહીં, પરંતુ પરસ્પર સન્માન અને આંતરરાષ્ટ્રીય કાયદાઓના પાલન દ્વારા જ શક્ય બનશે.

# રાષ્ટ્રના 'સ્વ'ની ઓળખ અને સાંસ્કૃતિક આત્મગૌરવ : પુષ્પ -૨૫



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજ્જુભૈયા ભારતીય ચિંતન, રાષ્ટ્રીય ચેતના અને સાંસ્કૃતિક મૂલ્યોના પ્રખર હિમાયતી હતા. ઈ.સ. ૧૯૯૭ થી ૧૯૯૯ દરમિયાન વિજયાદશમીના પાવન ઉત્સવ પર સ્વયંસેવકો અને દેશજોગ આપેલા તેમનાં ભાષણો ભારતના આત્મગૌરવને જગાડવા અને પશ્ચિમી માનસિકતામાંથી બહાર આવવા માટેનું એક મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડે છે.

૧. તૃષ્ટિકરણની નીતિ અને રામ જન્મભૂમિ આંદોલનનું વાસ્તવિક પાસું (૧૯૯૭) ૧૯૯૭ ના વિજયાદશમી ઉત્સવમાં રજ્જુભૈયાએ દેશની તત્કાલીન રાજકીય અને સામાજિક સ્થિતિનું ઊંડું વિશ્લેષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ દેશમાં સ્વતંત્રતા પૂર્વેના સમયથી જ લઘુમતીઓના તૃષ્ટિકરણની નીતિ અપનાવવામાં આવી છે, જેનું પ્રારંભિક અને સ્પષ્ટ ઉદાહરણ 'લખનૌ કરાર' (૧૯૧૬) હતું. આ નીતિના કારણે મુસ્લિમ નેતાઓમાં પોતાની અલગ ઓળખ જાળવી રાખીને જ મહત્તમ લાભ મેળવવાની માનસિકતા દ્રઢ થઈ, જેના પરિણામે તેઓ રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શક્યા નહીં.


આ સંદર્ભમાં તેમણે રામ જન્મભૂમિ આંદોલનનું બીજું પાસું રજૂ કરતા કહ્યું કે, આ ચળવળ માત્ર ધાર્મિક મંદિર બનાવવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે રાષ્ટ્રની આત્મજાગૃતિનું આંદોલન છે. આ આંદોલન દ્વારા સંઘ એ સિધ્ધાંત સ્થાપિત કરવા માંગતો હતો કે આ દેશમાં ન તો કોઈ લઘુમતી છે અને ન તો કોઈ બહુમતી; બધા જ ભારત માતાના પુત્રો છે. બંધારણની ભાવનાને ટાંકીને તેમણે સ્પષ્ટ કર્યું કે શ્રી રામ ભારતના સર્વોચ્ચ રાષ્ટ્રીય નાયક છે. સમાજ જેને પોતાના રાષ્ટ્રીય નાયક માને છે, તેના જન્મસ્થળ પર ધાર્મિક પ્રેરણાકેન્દ્ર સ્થાપિત થવું તદન સ્વાભાવિક છે. તેમણે પશ્ચિમી માનસિકતાથી ગ્રસિત 'સ્યુડો-સેક્યુલરિસ્ટો' (બનાવટી ધર્મનિરપેક્ષવાદીઓ)ની આકરી ટીકા કરી હતી. તેમણે ઈતિહાસનું ઉદાહરણ આપતા કહ્યું કે, જેમ ૩૫૦ વર્ષ પહેલાં ભગવાન શિવના ભક્ત હોવા છતાં મિર્ઝા રાજા જયસિંહ વિદેશી શાસક ઔરંગઝેબના સેનાપતિ બન્યા અને રાષ્ટ્રના 'સ્વ'ને જગાડનારા છત્રપતિ શિવાજી મહારાજ સામે લડ્યા; તેવું જ વલણ આજના સેક્યુલરવાદીઓનું છે. તેમના પ્રેરણાકેન્દ્રો ભારતીય સંસ્કૃતિ નહીં પણ વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) છે. જો કે, બાબરી ઢાંચાના ધ્વંસ પછી સંઘ પર લાગેલા પ્રતિબંધ દરમિયાન સ્વયંસેવકોએ ૧૦ કરોડ લોકોના હસ્તાક્ષર મેળવી રાષ્ટ્રપતિને સોંપ્યા હતા, જે સાબિત કરે છે કે દેશની સામાન્ય જનતાની માનસિકતા આ નકલી ધર્મનિરપેક્ષવાદીઓથી તદન અલગ છે.

૨. વિદેશી અનુકરણ અને કાયદાકીય ગુલામી (૧૯૯૮)૧૯૯૮ ના વિજયાદશમી ઉત્સવમાં રજ્જુભૈયાએ આઝાદી પછીના શાસન મોડલની ત્રુટિઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે આઝાદીના થોડા જ સમયમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું નિયંત્રણ સમાપ્ત થતાં પંડિત નેહરુ દેશના મુખ્ય નેતા બન્યા. વિદેશી અભ્યાસ અને ભારતીય સંસ્કૃતિના ઊંડા જ્ઞાન તેમજ આત્મસન્માનના અભાવે નેહરુજી પશ્ચિમી અને રશિયન વિચારોથી પ્રભાવિત થયા. તેમણે ભારતની પોતાની વિચારધારાને આધાર બનાવવાને બદલે રશિયાનો 'સમાજવાદ' દેશ પર થોપી દીધો, જેમાં ગ્રામીણ વિકાસની ઘોર અવગણના થઈ. ગાંધીજીએ તે સમયે આ નીતિનો વિરોધ કર્યો હતો. જ્યારે સમય જતાં રશિયા સહિત સમગ્ર વિશ્વએ સમાજવાદનો ત્યાગ કર્યો, ત્યારે ભારતે પણ પોતાની નીતિઓ બદલવી પડી. તેમણે વહીવટી તંત્ર પર પ્રહાર કરતા કહ્યું કે, આજે પણ સ્વતંત્ર ભારતના પોલીસ અને વહીવટમાં અંગ્રેજોનો ૧૦૦ વર્ષ જૂનો સામ્રાજ્યવાદી કાયદો અમલમાં છે. નવી વિચારસરણીના આધારે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. અંગ્રેજોએ પોતાના સ્વાર્થ માટે બનાવેલી વ્યવસ્થાથી સ્વતંત્ર ભારત ક્યારેય સાચી પ્રગતિ કરી શકે નહીં. આ જ ભાષણમાં તેમણે હિન્દુત્વને વ્યાખ્યાયિત કરતા કહ્યું કે હિન્દુ કોઈ પંથ કે મઝહબ નથી, પરંતુ તે એક શ્રેષ્ઠ જીવનશૈલી (Way of Life) છે.

૩. 'ધર્મ' અને 'રિલિજન' વચ્ચેનો તાત્વિક ભેદ (૧૯૯૯)૧૯૯૯ ના ઉદ્બોધનમાં તેમણે પંથનિરપેક્ષતા (સેક્યુલરિઝમ)ની પશ્ચિમી વિભાવનાનો ભ્રમ ભાંગ્યો હતો. તેમણે સમજાવ્યું કે યુરોપમાં જ્યારે ખ્રિસ્તી પોપના શાસનની દખલગીરી વધી, ત્યારે ત્યાંના રાજાઓ અને લોકોએ શાસનને ચર્ચથી મુક્ત કરવા 'સેક્યુલરિઝમ'નો નારો આપ્યો હતો. તેનો અર્થ લોકોને અધાર્મિક બનાવવાનો નહોતો. ભારતમાં તો વહીવટમાં પંથનિરપેક્ષતા હજારો વર્ષ જૂની અને સકારાત્મક સ્વરૂપમાં રહેલી છે, જ્યાં તમામ પંથોનો આદર થાય છે. બધી મૂંઝવણ એટલા માટે ઊભી થઈ કારણ કે ભારતમાં અંગ્રેજી શબ્દ 'રિલિજન' માટે 'ધર્મ' શબ્દનો ખોટો પર્યાય વાપરવામાં આવ્યો. 'રિલિજન' નો સાચો અર્થ 'પંથ' કે 'સંપ્રદાય' થાય છે, જ્યારે 'ધર્મ' એ અત્યંત વ્યાપક અને પવિત્ર શબ્દ છે. ધર્મ એ સમાજને ધારણ કરનારી વ્યવસ્થા, નૈતિક ગુણો અને સત્યનો સમૂહ છે જે સમાજને ભ્રષ્ટાચારથી બચાવે છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ ધર્મ સંસ્થાપના માટે જ અવતાર લેવાની વાત કહી છે. રજ્જુભૈયાએ આહવાન કર્યું કે વિદેશી વિચારો પાછળ દોડવાની માનસિકતા ગુલામીનું પરિણામ છે. સાચી સ્વતંત્રતા માત્ર રાજકીય નથી, વૈચારિક આત્મસન્માન પણ એટલું જ જરૂરી છે.

પ્રો. રાજેન્દ્ર સિંહ (રજ્જુભૈયા) સંઘના કાર્ય માટે વિદેશ પ્રવાસ કરનારા પ્રથમ સરસંઘચાલક હતા. શારીરિક વ્યાધિઓ છતાં તેમણે અવિરત પ્રવાસ ખેડ્યો. વર્ષ ૨૦૦૦ માં તેમણે પૂજનીય બાળાસાહેબ દેવરસની પરંપરાને અનુસરીને પોતાના સ્થાને માનનીય કે. એસ. સુદર્શનજીની નિમણૂક કરી. રજ્જુભૈયાને દ્રઢ વિશ્વાસ હતો કે સંઘના રાષ્ટ્રભક્તિથી સભર કાર્યકર્તાઓ ટૂંક સમયમાં જ ભારત-માતાને સ્વાભિમાની, સમૃધ્ધ અને શક્તિશાળી બનાવશે, જે વિશ્વને શાંતિ અને મિત્રતાનો સાચો સંદેશ આપશે.

# ખેડૂતો અને પશુપાલકો ભૂલ્યા છે ત્રિભુવનદાસ પટેલ ને ???



ગુજરાતની આ પવિત્ર ધરતી ઉપર ઘણા મહાન માણસો થયા, પણ ગામડાના ગરીબ ખેડૂતને પોતાના પગ ઉપર ઉભો કર કરનાર અને દૂધને ધંધો નહીં પણ આંદોલન બનાવનાર માણસનું નામ આવે તો સૌથી પહેલા ત્રિભુવનદાસ પટેલ યાદ આવે. આજે આખું વિશ્વ "અમૂલ" ને ઓળખે છે, પણ એની પાછળ એક ખેડૂતપ્રેમી, સાદા જીવન જીવતા અને ગામડાની વેદના સમજતા મહાન માણસની મહેનત છુપાયેલી છે. પરંતુ આજના ખેડૂતો અને પશુપાલકો જેમની પાયામાં મહેનત છે એ વ્યક્તિને ભૂલી ગયા છે આજે માત્ર સ્વાર્થી અને દેખાડાના રાજનેતાઓના શરણે ખેડૂતો અને પશુપાલકો પડતા જાય છે એના હિસાબે સૌથી વધારે દુઃખી ખેડૂતો અને પશુપાલકો છે દુઃખનું કારણ ખેડૂતો પોતે જ છે કારણ કે સાચા દિલથી ખેડૂતો પશુપાલકો અને ગામડા માટે મહેનત કરનાર સમાજસેવકોને માન સન્માન અને મોટા કરવામાં ખેડૂતો અને પશુપાલકો ક્યાંક જ્ઞાતિ જાતિ અને પક્ષા પક્ષીમાં પડીને ખેડૂતો અને પશુપાલકોના હિતનું વિચારનાર બહુ થોડા લોકોને આગળ લાવવામાં ખેડૂતો અને પશુપાલકો નિષ્ફળ રહ્યા છે એના હિસાબે આજે વેરવિખેર અને દુઃખી છે.

ત્રિભુવનદાસ પટેલનો જન્મ ૨૨ ઓક્ટોબર ૧૯૦૩ના રોજ આણંદ ખાતે થયો હતો. એ સમય એવો હતો જ્યારે ગામડાનો ખેડૂત મહેનત બહુ કરતો, પણ કમાણી બીજાના હાથમાં જતી. દૂધ ઉત્પાદક ખેડૂતોની હાલત તો ખૂબ ખરાબ હતી. ખેડૂત ગાય-ભેંસ રાખે, વહેલી સવારે ઊઠીને દૂધ ભરે, પણ દૂધના ભાવ વેપારીઓ નક્કી કરે. ખેડૂતને પરસેવાનો પુરો ભાવ મળતો નહોતો.

આ અન્યાય સામે ત્રિભુવનદાસ પટેલ ઊભા રહ્યા. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમણે ખેડૂતને એક વાત સમજાવી – "એકલો ખેડૂત લડી નહીં શકે, પણ બધા ભેગા થઈએ તો દુનિયા બદલી શકીએ." બસ, આ વિચારથી ૧૯૪૬માં ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની શરૂઆત થઈ. આ જ સંસ્થા આગળ જઈને "અમૂલ" બની.

ત્રિભુવનદાસ પટેલ માત્ર નેતા નહોતા, એ તો ગામડાના માણસના દુખ સમજનારા સાચ્ચા સેવક હતા. તેઓ ખેડૂત વચ્ચે બેસતા, એની વાત સાંભળતા અને એના હિત માટે લડતા. તેઓ કહેતા કે "ખેડૂત પોતાનો માલ પોતે વેચે, પોતાના ભાવે વેચે અને નફો પણ ખેડૂતના ઘરે જવો જોઈએ." જે આત્મનિર્ભર ભારતની વાત થાય છે, એની સાચી શરૂઆત તો સહકારથી ઘણા વર્ષો પહેલા થઈ ગઈ હતી. આજે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આત્મ નિર્ભર ભારતની પહેલ વોકલ ફોર લોકલ થી કરાવીને અનેક લોકોને આત્મ નિર્ભર બનાવવામાં સફળ રહ્યા છે

ત્રિભુવનદાસ પટેલની સૌથી મોટી ખાસિયત એ હતી કે એમને માણસ ઓળખવાની કળા આવડતી. ડૉ. વર્ગીસ કુરિયન જેવા યુવાનને આગળ લાવી તેમણે ટેક્નોલોજી અને સહકારને જોડ્યા. પરિણામ એવું આવ્યું કે ગુજરાતનું નાનું આંદોલન આખા દેશની "શ્વેત ક્રાંતિ" બની ગયું. આજે ભારત દુનિયાનું સૌથી મોટું દૂધ ઉત્પાદક દેશ છે તો એની પાછળ ત્રિભુવનદાસ પટેલ જેવી મહાન વ્યક્તિઓની મહેનત અને દ્રષ્ટિ છે.

ત્રિભુવનદાસ પટેલનું જીવન ખૂબ સાદું હતું. કોઈ દેખાવ નહીં, કોઈ અહંકાર નહીં. એમના માટે ખેડૂત જ ભગવાન હતો. સહકારી સંસ્થા એમના માટે રાજકારણ કરવાનો રસ્તો નહોતો, પણ ગામડાના માણસને સન્માન અને આર્થિક તાકાત આપવાનો માર્ગ હતો. આજે પરિસ્થિતિઓ બદલાય છે. સહકારી સંસ્થાઓ ખેડૂતો અને ગામડાઓના હિત માટે નહીં પરંતુ રાજકીય અખાડો બની ગઈ છે જ્યારે ખેડૂતો અને પશુપાલકો લાચાર અને બિચારા બની ગયા હોય એવું દ્રશ્ય જોઈ શકાય છે જે સહકારી નેતાઓ પાસે બાડી બકરી કે ગાય ભેંસો નથી એવો આજે સહકારી સંસ્થાઓનો વહીવટ કરે છે. ખેડૂતો અને પશુપાલકોને પોતાનો અને સ્વ વ્યવસાય કરતો માણસ મોટો કરવામાં નિષ્ફળ રહ્યા હોય એવું લાગે છે કારણ કે લોકોને પોતાનો નેતા શૂટ બુટ ઈસ્ત્રી ટાઈટ ઝભ્ભા અને મોંઘી દાટ મોટી મોટી ગાડી માં આવે એજ ગમે છે




તો પછી એમની પાસે આ બધું ક્યાંથી આવે છે એનો ક્યારેય વિચાર કર્યો નથી અને ખેડૂતો અને પશુપાલકોના નામે જે નેતા બની ગયા છે એના જેવું સરસ જીવન આપણે પશુપાલકો અને ખેડૂતો જીવી શકતા કેમ નથી એ વિચાર ખેડૂતો અને પશુપાલકોએ કરવો પડશે

આજે પણ જ્યારે અમૂલનો દૂધના પેકેટ કોઈના ઘેર પહોંચે છે ત્યારે એની પાછળ લાખો ખેડૂતો અને પશુપાલકો ની મહેનત સાથે ત્રિભુવનદાસ પટેલના આશીર્વાદ પણ જોડાયેલો છે. એમણે બતાવ્યું કે ગામડાનો માણસ જો સંગઠિત થાય તો શહેરના મોટા વેપારીઓ સામે પણ ટકી શકે.

ભારત સરકારે એમના યોગદાનને માન આપી "પદ્મભૂષણ" અને "રેમોન મેગ્સેસે એવોર્ડ"થી સન્માનિત કર્યા હતા. પરંતુ સાચું સન્માન તો ગામડાના ખેડૂતોના દિલમાં મળેલું સ્થાન હતું.૩ જૂન ૧૯૯૪ના રોજ તેઓ આ દુનિયાને અલવિદા કહી ગયા, પણ આજે પણ ગુજરાતના ગામડામાં સહકારની વાત થાય ત્યારે ત્રિભુવનદાસ પટેલનું નામ ગૌરવથી લેવામાં આવે છે.

આજના યુવાનો, ખેડૂત આગેવાનો અને સહકારી કાર્યકરો માટે તેમનું જીવન એક પ્રેરણા છે. ગામડું મજબૂત કરવું હોય, ખેડૂતને સમૃધ્ધ બનાવવો હોય અને સહકારને સાચા અર્થમાં જીવંત રાખવો હોય તો ત્રિભુવનદાસ પટેલના રસ્તે ચાલવું જ પડશે. ત્રણ જૂનના રોજ ત્રિભુવનદાસ પટેલની પુણ્યતિથિ છે એટલે જ મને યાદ આવ્યું કે જે સમાજ કે સંગઠન પોતાનો ભૂતકાળ કે ઈતિહાસ ભુલે છે. તેમનો કાળક્રમે વિનાશ કે વિસર્જન થતું હોય છે નવી પેઢી એ આવા ખમીરવંતા ખેડૂત નેતાઓને યાદ રાખવા પડશે એમણે કરેલા પરિશ્રમને યાદ કરવો પડશે તો જ ખેડૂતો અને પશુપાલકો ના હિત માટે કોઈ કામ કરશે બાકી તો ખેડૂતો અને પશુપાલકોના નામ ઉપર કાળોકારોબાર ચાલશે.. ઈતિહાસના પાના ઉપરથી નાનકડો પ્રસંગ આપ સૌ વાચકો સમક્ષ મૂક્યો છે આશા રાખું છું કે ત્રણ જૂન ના રોજ શ્રધ્ધા સુમન ખેડૂતો અર્પણ કરશે.

# પરિશ્રમ આપણને ત્રણ સમસ્યાથી બચાવે છે : કંટાળો, કુટેવ અને કુકર્મ

માનવ જીવનમાં સફળતા, સંતોષ અને સાર્થકતાનો સૌથી મોટો આધાર જો કોઈ હોય તો તે છે, પરિશ્રમ. મહેનત માત્ર આર્થિક સમૃધ્ધિ જ નથી આપતી, પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વનું પણ ઘડતર કરે છે. એક પ્રખ્યાત વિચાર છે એજ વાત સમજાવે છે કે, પરિશ્રમ માંણસને ત્રણ કુટેવોથી બચાવે છે; કંટાળો, કુટેવ અને કુકર્મ આ વાક્યમાં જીવનનું એક ઊંડું સત્ય સમાયેલું છે.

કંટાળો એ માણસનો સૌથી મોટો શત્રુ છે. જ્યારે વ્યક્તિ પાસે કોઈ હેતુપૂર્ણ કાર્ય ન હોય, ત્યારે તેનું મન ભટકવા લાગે છે. ખાલી મન ઘણીવાર નિરાશા, ઉદાસીનતા અને નકારાત્મક વિચારોનું ઘર બની જાય છે. પરંતુ જે વ્યક્તિ પોતાના કામમાં સતત વ્યસ્ત રહે છે, તે હરહંમેશ મસ્ત રહે છે અને એના જીવનમાં કંટાળાને ક્યાંય સ્થાન જ મળતું નથી. ખેડૂત ખેતરમાં મહેનત કરે, વિદ્યાર્થી અભ્યાસમાં તલ્લીન રહે કે કર્મચારી પોતાની ફરજમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલો રહે તો તેને જીવનમાં કંટાળો ઓછો સતાવે છે.

પરિશ્રમ આપણને કુટેવોથી પણ દૂર રાખે છે. વ્યસન, આળસ, સમયનો દુરુપયોગ અને અન્ય ખરાબ ટેવો ઘણીવાર નવરાશ અને નિષ્ક્રિયતામાંથી જન્મે છે. જ્યારે વ્યક્તિ પોતાની શક્તિ અને સમયને સકારાત્મક કાર્યમાં લગાવે છે, ત્યારે તેને ખોટા રસ્તા તરફ જવાની શકયતા મળતી નથી. એક યુવાન જો રમતગમત, અભ્યાસ કે સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે, તો તે વ્યસન જેવી કુટેવોથી દૂર રહેવાની વધુ શક્યતા ધરાવે છે.નિવૃત વ્યક્તિ સારા પુસ્તકોનું વાંચન,ભજન સત્સંગ કે દેવ દર્શન જેવી પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે તો તે કંટાળો અને પારકી પંચાત જેવી કુટેવોથી દુર રહી શકે છે.

ત્રીજું અને સૌથી મહત્વનું, પરિશ્રમ આપણને કુકર્મોથી બચાવે છે. નવરાશ અને બેકારી




ઘણી વખત ખોટા વિચારો અને ખોટા કાર્યોને જન્મ આપે છે. આપણે ત્યાં એક કહેવત પ્રચલિત છે કે " નવરો બેઠો નખ્ખોદ વાળે".ચોરી, છેતરપિંડી, અનૈતિક પ્રવૃત્તિઓ અને સમાજવિરોધી કાર્યો પાછળ ઘણીવાર નિષ્ક્રિયતા,નવરાશ અને જવાબદારીનો અભાવ જવાબદાર હોય છે. મહેનતુ વ્યક્તિ પોતાના કાર્ય અને ધ્યેયમાં એટલો વ્યસ્ત હોય છે કે તેને કુકર્મો માટે વિચાર જ આવતો નથી કે સમય જ મળતો નથી.

એક નાનકડું ઉદાહરણ જોઈએ. બે મિત્રો હતા. એક મિત્ર દિવસભર મહેનત કરીને પોતાના ધંધામાં આગળ વધતો રહ્યો, જ્યારે બીજો મિત્ર નવરો રહીને ખરાબ સંગતમાં પડ્યો, આથી વ્યસનો,ચોરી,લૂંટફાટ,ગુંડા ગરદી અને દુષ્કૃત્યોની ટેવ પડી ગઈ. વર્ષો પછી પહેલો મિત્ર સમાજમાં માન-સન્માન પામ્યો અને બીજો મુશ્કેલીઓમાં ઘેરાઈ ગયો. આ ઉદાહરણ દર્શાવે છે કે પરિશ્રમ માત્ર કમાણીનું સાધન નથી, પરંતુ સારા જીવનનું પણ રક્ષણ કવચ છે.

પ્રકૃતિ પણ આપણને પરિશ્રમનો પાઠ શીખવે છે. મધમાખી સતત મહેનત કરીને મધ એકત્રિત કરે છે, કીડી સતત પ્રયત્ન કરીને પોતાના માટે ભોજન ભેગું કરે છે. સૂઘરી જેવા પક્ષીઓ એક એક સળી ભેગી કરીને સતત પ્રવૃત્તિમય રહીને સરસ મજાના માળાનું નિર્માણ કરે છે. પ્રકૃતિમાં કોઈ પણ જીવ આળસુ નથી. માણસને તો ઈશ્વરે બુધ્ધિ અને શક્તિ બંને આપી છે, તેથી તેણે પરિશ્રમનો માર્ગ અપનાવવો વધુ જરૂરી છે.સામાન્ય પરિસ્થિતિમાં જીવતો મજૂર માણસ સતત મહેનત મજૂરીમાં વ્યસ્ત રહેવાના કારણે જ છાશ રોટલામાં અમીનો ઓડકાર માણી શકે છે જ્યારે શિક્ષિત અને સાધન સંપન્ન વ્યક્તિ પણ નવરો રહે તો નિંદનીય કાર્યમાં સામેલ થવાના કારણે તેને દૂધ પણ સંતોષ નો ઓડકાર આપી શકતું નથી. પ્રવૃત્તિમય માણસ પથ્થરના ઓશીકે માટીની પથારીમાં મસ્ત ઊંઘ માણી શકે છે જ્યારે નવરો માણસ પોચા ઓશીકે, ડનલોપ ની ગાદીમાં આખી રાત ગડથોલા ખાઈને ઉજાગરાથી પીડાતો હોય છે.એટલે એક વાત દિવા જેવી સ્પષ્ટ છે કે મહેનત છે ત્યાં મનની મસ્તી સાથેની તૃપ્તિ છે અને નવરાશ છે ત્યાં સસ્તી પ્રસિધ્ધિ માટેની પીડા છે.

અંતે એટલું જ કહી શકાય કે પરિશ્રમ એ માત્ર સફળતાની ચાવી નથી, પરંતુ સારા ચરિત્રનો આધાર પણ છે. જે વ્યક્તિ મહેનતને મિત્ર બનાવે છે, તે કંટાળો, કુટેવ અને કુકર્મ જેવા ત્રણ મોટા દુશ્મનોથી બચી શકે છે.અને એટલેજ કહેવાય છે કે "પરિશ્રમ એજ પારસમણિ".

**''મહેનતનો માર્ગ ભલે કઠિન હોય, પણ તે જ જીવનને ગૌરવ અને ગતિ આપે છે. નવરાશ જ્યાં દુર્ગુણો જન્માવે છે, ત્યાં પરિશ્રમ સદગુણોના ફૂલ ખીલવે છે.''**

## :: તિખારો ::

**ખામી અને ખૂબી બધામાં હોય છે. કોઈના જીવનમાં રહેલી ખામીઓનો દુર ઉપયોગ કરીને આગળ વધવા કરતા તેની ખામીઓ સુધારીને સાથે લઈને આગળ વધી શકાય. વ્યક્તિમાં રહેલી આવડત અને ખુબીઓ સાથે મળીને સદ ઉપયોગ કરવામાં આવે તો સફળતા મળે છે. દ્રષ્ટિવાન બનવાને બદલે દ્રષ્ટિવિહીન બનવામાં લોકોને વધુ રસ હોય છે**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

આપણે જાણીએ છીએ કે આ વખતે ચોમાસુ વહેલા આવવાની શક્યતા પૂરેપૂરી છે આ વખતે જૂનના પહેલા વીકમાં વરસાદ આવવાની શક્યતા રહે છે તો એ પ્રમાણે વાવેતર કરવું જોઈએ અને એમાં પણ ખાસ કરીને જોઈએ તો ટૂંકા ગાળાના પાકો બને ત્યાં સુધી ૧૫ જૂન પહેલા ટૂંકા ગાળાના પાકો વાવવા જોઈએ નહીં અત્યારે એક જૂન થી ૧૫ જૂન ની વચ્ચે ખાસ કરીને આપણે મગફળી, કપાસ આ પાકોનું વાવેતર કરવું જોઈએ બીજું અત્યારે માવઠાને કારણે ઘણા ખેડૂતોએ વાવેતર કરી દીધું છે પણ આ વાવેતર હજુ વહેલા થશે.

**કપાસ :**

● ચોમાસાની અનીશ્રિતતા અને રોગ જીવાતના વધુ ઉપદ્રવને કારણે પાક નિષ્ફળ જાય તેવા સંજોગોમાં કપાસ આધારિત પાક પધ્ધતિઓ જેવી કે આંતરપાક પદ્ધતિ ખેડૂતો અપનાવવી જોઈએ.

● સામાન્ય રીતે વાવણીલાયક વરસાદ થયેથી જુન મહિનાના બીજા અઠવાડીયાથી જુલાઈના પ્રથમ અઠવાડીયા સુધીમાં કપાસનું વાવેતર કરી શકાય. તેનાથી વહેલું વાવેતર કરવાથી કપાસમાં જીંડવાની ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધે છે, તેથી કપાસનું ઉત્પાદન ઘટે છે.

● કપાસની તમારા વિસ્તાર માટે પ્રચલિત જાતનું વાવેતર કરવું.

● કપાસના બિજને વાવતા પહેલા પેકેટ દીઠ ૪૦ ગ્રામ એઝેટોબેકટર અને ૪૦ ગ્રામ ફોસ્ફરસ સોલ્યુલીલઈઝિંગ બેકટેરીયા

● (પી.એસ.બી) કલ્ચરનો પટ્ટ આપી ૩૦ મીનીટ સુધી છાયડામાં સુકવીને વાવણી કરો.

● એરડીયા ખોળનો ઉપયોગ કરવો.

● હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૧૮૦ - ૩૭.૫૦ - ૧૧૨.૫૦ કિલો એન.પી.કે. આપવું. ઉપરાંત ઝીંક સલ્ફેટ આપવું જોઈએ

● ભાષ્મિક અને ખારી ભાષ્મિક જમીનમાં કેલ્શિયમ એમોનિયમ નાઈટ્રેટ અને ડીએપી ખાતર આપવાથી ફાયદો થાય છે.

● માઈક્રોરાઈઝાનો ઉપયોગ કરો

**સોયાબીન :**

● બિયારણનો દર ૫૦ થી ૬૦ કિલો હેક્ટર દીઠ રાખવો

● ઓછા વરસાદવાળા વિસ્તારમાટે સોયાબીન-૧,૨,૩ નું વાવેતર કરવું.

● સોયાબીન – જીએસ-૪, એન.આર.સી.-૩૭, અહલ્યા-૪, ગુ.સો.-૧, જીજેએસ-૩ દ.ગુ. માટે ગુ.સો- ૨,૩ કે ડીએસ-૩૪૪નું વાવેતર કરો.

● હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૩૦ -૬૦ - ૨૦ કિલો એન.પી.. કે. આપવું.

● વધુ ઉત્પાદન મેળવવા માટે ૨૫ કિ.ગ્રા. બિયારણ દીઠ ૨૫૦ ગ્રામ રાઈઝોબિયમ કલ્ચરની માવજત આપવી જરૂરી છે.

● સોયાબીન-દિવેલા રીલે પાક પધ્ધતિ અપનાવી જોખમ ઘટાડો.

**બાજરી :**

● ચોમાસુ: મોડી પાકતી: જીએચબી-૫૫૮, ૭૩૨

● મધ્યમ પાકતી: જીએચબી-૭૪૪, ૯૦૫

● **વહેલી પાકતી:** જીએચબી-૫૩૮, ૭૧૯

● જસતની ઉણપવાળી જમીનમાં વાવણી સમયે ૨૦ કિ.ગ્રા. ઝીંક સલ્ફેટ પ્રતિ હે. આપવા ભલામણ કરવામાં આવે છે.

● લોહ અને જસતની ઉણપ ધરાવતી જમીનમાં પાયાના ખાતર સાથે ૧૫ કિ.ગ્રા. ફેરસ સલ્ફેટ પ્રતિ હેકટરે આપવં. અથવા ગર્વરમેન્ટ નોટીફાઈટ ગ્રેડ-૪ ના ૧% નાં દ્રાવણને વાવણી પછી ૨૦,૩૦ અને ૪૦ દિવસે છંટકાવ કરવો.

**શાકભાજી :** ● આનંદ દુધી -૧, પૂસા સંકર-૩, પંજાબ ગોળ, અર્કા બહાર, પૂસા નવીનમાંથી કોઈ એક દુધીની જાતનું વાવેતર કરવું.

● ગુજરાત ભીંડો – ૬, ગુજરાત સંકર ભીંડો – ૨, ગુજરાત જૂનાગઢ ભીંડો-૩ અને ૪ નુ વાવેતર કરવું. ચોમાસુ ભીંડાનાં પાકમાં રાસાયણિક ખાતર ૭૫-૨૫-૨૫ એન.પી.કે. આપવું.

● જી-ટી-૯ અન્ય માટે ગુ.ટમેટી-૧,૨,એમએચ-૬,એનએ-૫૦૧,૬૦૧,જૂનાગઢ ટમેટા -૩,આણદ ટમેટા- ૩ અને ૪. પૂસા ગૌરવ, પૂસા રૂબી,પૂસા હાઈબ્રીડ–૨ તથા ૪ વગેરે ટામેટાની જાતોનું વાવેતર કરવું. . એક હેક્ટર વાવેતર માટે ૧૫૦ ચો.મી.ઘરુવાડિયાની જરૂર પડે છે તેમાં હાઈબ્રીડ જાત માટે



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

૧૫૦ થી ૨૦૦ ગ્રામ તેમજ અન્ય જાત માટે ૩૦૦ થી ૩૫૦ ગ્રામ બીજની જરૂર પડે છે. રાસાયણિક ખાતર ૭૫-૩૭.૫-૬૨.૫ એન.પી. કે. આપવું.

● સુરણ: જી એ એફ વાય-૧ (સ્વાગત) નું વાવેતર કરો

**બાગાયત :**

આંબામાં ચીપિયા કલમ અથવા નુતન કલમનો ઉપયોગ કરો :-

● રોપણી વખતે આ કલમો ફક્ત એક ડાળીવાળી હોવાથી રોપ્યા પછી ઈચ્છિત ઉંચાઈએથી કેળવણી અને છટણી કરી કેનોપી મેનેજમેન્ટ કરી શકાય છે.

● રોપણી વખતે કલમો એકસરખી ઉંચાઈની હોવાથી વાડી એકસરખી બને છે જે ઘનિષ્ઠ વાવેતર માટે અગત્યનું પરિબળ છે.

● ભેટ કલમ કરતા કિમત લગભગ અડધી કે તેથી ઓછી અને ઘનિષ્ઠ વાવેતરમાં એકમ વિસ્તાર દીઠ વધુ કલમો આવતી હોવાથી કલમ રોપણીનો ખર્ચ ઘણો ઘટે છે.

● કલમ કતરી વખતે મુલકાંડને ઓછું નુકસાન થાય છે. આ કારણથી રેતાળ,ડુંગરાળ જેવા વિસ્તાર કે પછી જ્યાં ખુબ પવન આવતો હોય તેવા વિસ્તારમાં આ કલમોની રોપણી કરવાથી ધોરી મૂળ જમીનમાં નીચે ઉતરી કલમને પકડી રાખે છે. અને ઝાડ ઢળી પડતા નથી.

● આંબામાંથી ફળ ઉતારી લીધા બાદ ઝાડ ઉપર યુરિયા ૨% ના છંટકાવ કરવો, સુકી ડાળીઓ માલ ફોરમેશન વગેરે કાપીને નાશ કરવો.

● આંબામાં છટણી કરવાનો સમય ફળ ઉતાર્યા બાદ તુરંતનો સારો ગણાય છે. પરંતુ ચોમાસાની ઋતુ અને ઝાડના વિકાસને ધ્યાનમાં રાખી ઓક્ટોબર-નવેમ્બર માસમાં ત્રણથી ચાર મીટરની ઉંચાઈએ છત્રી આકારે હેડીંગબેક પધ્ધતિથી છટણી કરવી.

● **જામફળ** :- લખનૌ -૪૯ (સરદાર) જાતનું વાવેતર કરવું.

● **ચીકુ** :- કાળીપતી,પીળીપતી તેમજ પીકેએસ-૩,૫ નું વાવેતર કરવું.

● પ્રથમ વર્ષે વાવેતર કરેલ ચીકુના ઝાડ દીઠ ૫ કિ.ગ્રા. છાણિયું ખાતર જૂન માસમાં અને પૂર્તિખાતર તરીકે ૧૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૫૦ ગ્રામ ફોસ્ફરસ અને ૫૦ ગ્રામ પોટાશ બે સરખા હપ્તામાં જૂન અને ઓકટોબર માસમાં આપવું.

● ચીકુ ફળોને ઉતાર્યા બાદ ૧૫૦ પી.પી.એમ. જીબ્રેલીક એસિડના દ્રાવણમાં ૮ થી ૧૦ મિનિટ બોળ્યા બાદ કાગળના બોક્ષમાં ભરવાથી તેની ટકાઉશકિત વધે છે.

● લીબુંનાં પાનની કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રિડ ૪ મિલિ/ ૧૦ લિટર પાણીમાં નાખી જીવાતનો ઉપદ્રવ ચાલુ થાય ત્યાર પછી ૧૫ દિવસ પછી છંટકાવ કરવો.

● કેળ માટે ગ્રાન્ટનૈન જાતનું વાવેતર કરવું. કેળના રોપા તૌયાર કરવા માટે મેક્રો પ્રોપોગેશન પધ્ધતિનો ઉપયોગ કરવો.

● **દાડમ** :- ધોળકા, ભાવનગરી,જી-૧૩૭,ભગવો જાતનું વાવેતર કરવું.

● **બોર** :- ગોલાં તથા સુરતીકાઠા જાતનું વાવેતર કરવું.

● ગુલછડી સિંગલ જાતના ફૂલ સફેદ રંગના, પાંદડાઓની એક હારવાળા હોય છે. બીજી જાતની સરખામણીમાં ફૂલમાં સુગંધનું પ્રમાણ વિશેષ હોય છે. જેમાં પ્રજવલ, શૃંગાર, ફુલે રજની, અર્કા નિરંતરા, હૈદરાબાદ સિંગલ વગેરે મુખ્ય જાતો છે.



**સજીવ ખેતીમાં પોષણ વ્યવસ્થા :**

● સજીવ ખેતીમાં જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા ટકાવી રાખવા માટે જમીન ભુખી ન રહેવી જોઈએ. પુરા વૈજ્ઞાનિક અભિગમથી વિવિધ સેન્દ્રીય ખાતરો ખેતરમાં આપવા જોઈએ. તે માટે ગળતીયું છાણીયું ખાતર, કેમ્પોષ્ટ, અળસિયાનું ખાતર, મરઘાં-મતકાંની ચરક, વિવિધ પ્રકારના ખોળ, રોક ફોસ્ફેટ, લીલો પડવાશ, પાક અવશેષોને જમીનમાં દાટીને, પાક અવશેષોનું આવરણ તરીકે ઉપયોગ કરીને, એઝોલા, વિવિધ જૈવિક ખાતરો, ગોબરગેસ પ્લાન્ટની રબડી વગેરેનો ઉપયોગ કરવો અને વધારેમાં વધારે કાર્યક્ષામતાથી પોષક તત્વોનો ઉપયોગ થાય તેનું વૈજ્ઞાનિક રીતે આયોજન કરી ધ્યાન રાખવું જોઈએ.

**ઘાસચારો:**

● અંજાન ઘાંસજાતોમાંગુજરાત આણંદ અંજાન ઘાસ-૧, પુસા યલો અંજાન, સીએઝેડઆરઆઈ-૭૫ (મારવાડ અંજાન), સીએઝેડઆરઆઈ-૭૬ (મારવાડ અંજાન), આઈજીએફઆરઆઈ-૩૧૦૮વરસાદ આધારિત પ્રથમ કાપણી વાવણી પછી ચાર મહિને લેવી. બે થી ત્રણ કાપણી આખા વર્ષ દરમ્યાન લઈ શકાય છે. પિયત છ થી સાત કાપણી લઈ શકાય છે.

આટલું અવશ્ય કરો.

રાસાયણીક ખાતરનો સમજણ પુર્વક ઉપયોગ કરવો

● જમીનની તૈયારી કરતી વખતે સારું કહોવાયેલું છાંણીયુ ખાતર અને વર્મીકમ્પોસ્ટનો ઉપયોગ કરીયેતો જીવાતોનો ઉપદ્રવ ઓછો રહે છે. મહુવા, લીંબોડી અને દિવેલીના ખોળનો ઉપયોગ કરવાથી જીવાતો કાબુમાં રહે છે અને રાસાયણીક ખાતરોનો ઉપયોગ ભલામણ મુજબ કરવો જોઇએ.



● કપાસનાપાકમાં નાઈટ્રોજનયુકત ખાતરોનો નિયંત્રિત ઉપયોગ કરવાથી મોલો , તડતડીયા અને સફેદ માખીનો ઉપદ્રવ ઘટે

● શેરડીના પાકમાં નાઈટ્રોજનયુક્ત ખાતરનું નિયમન કરવાથી સફેદમાખીનું નિયંત્રણ થાય છે.

● ડાંગરના પાકમાં સુપરફોસ્ફેટ આપવાથી મૂળના ચાંચવાનો ઉપદ્રવ ઘટે છે.

● રીંગણ પાકમાં વધુ નાઇટ્રોજન યુક્ત રાસાયણીક ખાતર વાપરવાથી પાન કથીરીનો ઊપદ્રવ વધે છે.

● ડાંગર પાકમાં વધુ નાઇટ્રોજન યુક્ત રાસાયણીક ખાતર વાપરવાથી ભુરાં ચુસીયાનો ઊપદ્રવ વધે છે.

● ખરીફ સીઝનની શરૂઆત થતાં પહેલાં આપણા વિસ્તાર, જમીન અને વાતાવરણને અનુકુળ પાક પસંદગી કરવી.

● બિયારણને વાવેતર પહેલા ફૂગનાશક દવાનો પટ આપવો.

● ભાસ્મિકતાવાળા પાણીમાં પિયત હેઠળની જમીનમાં જીપ્સમ ઉમેરવું તેમજ સેન્દ્રીય ખાતર આપવું.

● જમીનનું ધોવાણ અટકાવવા ઢાળની વિરુધ્ધ દિશામાં ખેડ તેમજ પાકનું વાવેતર કરો.

પાકમાં રાસાયણિક ખાતરનો જથ્થો નીચેની બાબતો ઉપર આધાર રાખે છે.

● ૧) પાક અને તેની જાત: પોષક તત્વોની જરૂરિયાતનો મોટો આધાર પાક અને તેની જાત ઉપર રહે છે. કઠોળ વર્ગના પાકોમાં નાઈટ્રોજનની જરૂરિયાત ઓછી અને ફોસ્ફરસની જરૂરિયાત વધુ હોય છે. જયારે ધાન્ય વર્ગના પાકોમાં નાઈટ્રોનની જરૂરિયાત વધુ હોય છે. લાંબા ગાળાના અખતરીઓના પરિણામો ઉપરથી એ સ્પષ્ટ થયું છે કે કપાસમાં ફોસ્ફરસની જરૂરિયાત અન્ય પોષક તત્વો અને પાકોની તુલનાએ ઘણી ઓછી છે. આવુ જાત બાબતમાં પણ છે. કપાસની સંકર જાતોની નાઈટ્રોજનની જરૂરિયાત દેશી જાતો કરતાં ઘણી વધારે છે. જયારે બી.ટી. જાતોની નાઈટ્રોજનની માંગ સંકર જાતો કરતાં પણ વધારે છે. તેજ રીતે મકાઈની સંકર જાતો માટે ૧૦૦ કિ.ગ્રા. નાઈટ્રોજનની છે. જયારે સ્થાનિક જાતો માટે ૬૦ કિ.ગ્રા. નાઈટ્રોજન પૂરતો છે.

● સામાન્ય રીતે ટુંકા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો ઓછો જથ્થો જોઈએ, જયારે લાંબા ગાળે પાકતાં પાકો માટે ખાતરનો વધુ જથ્થો જોઈએ. દા.ત. ડાંગરની વહેલી, મધ્યમ મોડી અને મોડી પાકતી જાતો માટે અનુક્રમે ૮૦, ૧૦૦ અને ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજનની ભલામણ કરવામાં આવે છે.

● ૨) જમીનમાં લભ્ય પોષકતત્વોનું પ્રમાણ: જમીનમાં રાસાયણિક પૃથ્થકરણના આધારે જમીનમાં લભ્ય પોષક તત્વોનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે. જે તે જમીનમાં પોષક તત્વોની લભ્યતા ઓછી, મધ્યમ કે વધારે નકકી કર્યા બાદ જ ખૂટતાં પોષક તત્વોનો જથ્થો અનુકૂળ સ્ત્રોતથી આપવાનો થાય. જમીનમાં પોષક તત્વોની લભ્યતા જમીનમાં ભેજનું પ્રમાણ, જમીનનો અમ્લતા આંક અને જમીનમાં ક્ષારનું પ્રમાણ પર આધારીત છે.

● ૩) આગલા-પાછલા/ આંતરપાકની પસંદગી: જો આગલા કે આંતરપાક તરીકે કઠોળ વર્ગના પાકની પસંદગી કરી હોય તો નાઈટ્રોજનયુકત ખાતરો ઓછા પ્રમાણમાં જોઈશે, પરંતુ અગાઉ જુવાર, મકાઈ કે ઘાસચારા જેવા પાકની પસંદગી કરેલ હોય તો તે પછીના પાકમાં ખાતરનું પ્રમાણ વધારે રાખવું પડે.

● ૪) પોષકતત્વોના પ્રકાર: સામાન્ય રીતે મુખ્ય પોષક તત્વોનો જથ્થો વધારે અને સુક્ષમ તત્વોનો જથ્થો ઘણો ઓછો હોય છે. જમીન ચકાસણી અહેવાલના આધારે ખુટતાં પોષક તત્વો આપવા જોઈએ.

# બાયો પ્લાસ્ટિક ટકાઉ ખેતી અને પર્યાવરણ બંનેને અનુરૂપ

હાલનું આબોહવા પરિવર્તન મુખ્યત્વે ગ્લોબલ વૉર્મિંગને કારણે છે, જે અશિમભૂત ઈંધણના દહન અને વન નાબૂદી જેવા માનવીય પ્રવૃત્તિઓથી ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને કારણે થાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણ ગ્લોબલ વૉર્મિંગ માટે એક મોટું કારણ છે, જે તેના સમગ્ર જીવનચક્ર દરમિયાન મિથેન અને ઈથિલિન જેવા ગ્રીનહાઉસ વાયુઓ મુક્ત કરે છે. દુનિયામાં ગ્લોબલ વર્મિંગના કારણે ગર્મીનો હાહાકાર વધતો જઈ રહ્યુ છે પ્લાસ્ટિકનું પ્રદુષણ હવે માત્ર સમુદ્ર કે જળસ્ત્રોત સુધી સીમીત નથી, બલકે તે ખેતરોમાં પાક ઉત્પાદનને પણ અસર કરી રહ્યું છે. એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, માઈક્રો પ્લાસ્ટિક છોડમાં થતી પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને નુકસાન પહોંચાડી રહ્યું છે. પ્લાસ્ટિકના સૂક્ષ્મ કણો પાંદડા સુધી પહોંચનારી સૂર્યના કિરણના માર્ગમાં બાધક બને છે. આથી માટીને નુકસાન થઈ શકે છે, જેના પર છોડ આશ્રિત હોય છે. જો આ પ્લાસ્ટિક કોઈ માર્ગેથી અંદર ચાલ્યા જાય છે તો પોષકતત્વની સાથે પાણીના પ્રવાહમાં રોડા અટકાવે છે. અને પાકના ઉત્પાદન અને ગુણવતાને અસર કરે છે એથી દુનિયાભરમાં ખાદ્ય સુરક્ષા પર ખતરો છે. જમીનની સાથે સાથે આ માઈક્રો પ્લાસ્ટિક સમુદ્રી જીવનને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. એ પણ દાવો કરવામાં આવ્યો છે કે, આવનાર અમુક સમયમાં પ્લાસ્ટિકનું ખેતીમાં પ્રદુષણના લીધે વસ્તીને ભૂખમરાનો સામનો કરવો પડી શકે છે. કૃષિમાં મલ્ચિંગ સીટ, ટપક સિંચાઈ પાઈપ અને પેકેજિંગ માટે પ્લાસ્ટિકનો અતિશય ઉપયોગ જમીન અને પાણીને પ્રદૂષિત કરી રહ્યો છે. માઈક્રો પ્લાસ્ટિક જમીનમાં ભળીને તેની ફળદ્રુપતા ઘટાડે છે અને છોડના વિકાસને અટકાવે છે, જે પાક ઉત્પાદનમાં થી સુધીનો ઘટાડો કરી શકે છે.

ડો. આર. કે. કલારિયા
અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી
ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવેર્સિટી,
સુરત-૩૯૫ ૦૦૭

કૃષિમાં પ્લાસ્ટિક થકી પ્રદૂષણની અસરો:

● જમીનની ફળદ્રુપતામાં ઘટાડો: માઈક્રો પ્લાસ્ટિક જમીનમાં ભળી જવાથી તે લાંબા સમય સુધી સડતું નથી, જેનાથી જમીનની છિદ્રાળુતા અને પાણી શોષવાની ક્ષમતા ઘટે છે.

● પાક ઉત્પાદન પર અસર: માઈક્રો પ્લાસ્ટિક છોડના મૂળ સુધી સૂર્યપ્રકાશ (પ્રકાશસંશ્લેષણ) અને પોષકતત્વો પહોંચવામાં અવરોધ ઉભો કરે છે, જે ઉત્પાદકતા ઘટાડે છે.

● ભૂગર્ભજળ પ્રદૂષણ: પ્લાસ્ટિકમાંથી મુક્ત થતા હાનિકારક રસાયણો જમીનમાં ઉતરીને ભૂગર્ભજળને ઝેરી બનાવે છે.

● પર્યાવરણીય નુકસાન: પ્લાસ્ટિકના કચરાને બાળવાથી ઝેરી ધુમાડો પેદા થાય છે, જે હવાનું પ્રદૂષણ વધારે છે અને ગ્લોબલ વૉર્મિંગમાં વધારો કરે છે

ઉકેલ અને વ્યવસ્થાપન:

● બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક: પરંપરાગત પ્લાસ્ટિકને બદલે બાયો-ડિગ્રેડેબલ મલ્ચિંગ સીટનો ઉપયોગ વધારવો જોઈએ

બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક શું છે ?

બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક એ મકાઈના સ્ટાર્ચ, સેલ્યુલોઝ કે વનસ્પતિ તેલ જેવા નવીનીકરણીય સ્ત્રોતોમાંથી બનેલું પર્યાવરણ-મૈત્રીપૂર્ણ મટિરિયલ છે, જે સૂક્ષ્મજીવાણુઓ દ્વારા કુદરતી રીતે પાણી, કાર્બન ડાયોક્સઈડ અને બાયોમાસમાં વિઘટન પામે છે

કૃષિ છેત્રે બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિકની શું ઉપયોગીતા છે ?

કૃષિ ક્ષેત્રે બાયોપ્લાસ્ટિક/ બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક (જેમ કે મકાઈ કે બટાકાના સ્ટાર્ચમાંથી બનાવેલ) પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વિકલ્પ છે, જે જમીનમાં દ્રાવ્ય છે અને મલ્ચિંગ ફિલ્મ, રોપાઓની નર્સરી બેગ, અને પેકેજિંગ તરીકે વપરાય છે. તે પરંપરાગત પ્લાસ્ટિકની જેમ માઈક્રોપ્લાસ્ટિક પ્રદૂષણ ફેલાવ્યા વગર કુદરતી રીતે વિઘટન પામે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. આ ટેક્નોલોજી ખેતીમાં પાકની ઉત્પાદકતામાં વધારવા અને ખેતી ને વધુ નફાકારક બનાવમાં મદદરૂપ થાય છે.

કૃષિમાં બાયોપ્લાસ્ટિકના મુખ્ય લાક્ષણિકતાઓ:

● બાયોડિગ્રેડેબલ મલ્ચિંગ ફિલ્મ: આ ફિલ્મ ખેતરમાં જ સડી જાય છે, તેથી પાક લણણી પછી તેને દૂર કરવાની કે બાળવાની જરૂર પડતી નથી, જે મજૂરી ખર્ચ બચાવે છે.

● નર્સરી અને પોટિંગ બેગ્સ: છોડ ઉછેરવા માટે વપરાતી આ બેગ્સ જમીનમાં રોપતી વખતે દૂર કરવાની જરૂર નથી, કારણ કે તે છોડના મૂળ સાથે જ જમીનમાં ભળી જાય છે.

● પેકેજિંગ મટિરિયલ: ફળ-શાકભાજીના પેકિંગમાં, જે પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડે છે.

● કુદરતી વિઘટન: આ પ્લાસ્ટિક ચોક્કસ પરિસ્થિતિઓમાં (માટી, ખાતર અથવા પાણીમાં) સૂક્ષ્મજીવો દ્વારા કુદરતી રીતે વિઘટિત થાય છે

● જમીન આરોગ્ય: તે જમીનમાં ઝેરી કેમિકલ્સ ઉમેરતું નથી, જે લાંબા ગાળે જમીનની ગુણવત્તા સુધારે છે.

મર્યાદા : બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિકને સંપૂર્ણપણે નાશ પામવા માટે ઘણીવાર ચોક્કસ તાપમાન અથવા ભેજયુક્ત હવામાનની જરૂર પડે છે, અને જો તે યોગ્ય રીતે વિઘટન ન પામે તો કચરો બની શકે છે.




બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક ખેતીમાં ટકાઉપણું લાવવા અને પર્યાવરણને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત રાખવા માટે ભવિષ્યનો શ્રેષ્ઠ વિકલ્પ છે. તે મુલ્ચિંગ ફિલ્મ્સ, નર્સરી પોટ્સ અને ખાતરની બેગ તરીકે ઉપયોગી છે, જે જમીનમાં કુદરતી રીતે ભળી જઈને ખાતરમાં ફેરવાય છે, જેથી ખેતરમાં પ્લાસ્ટિકનો કચરો ભેગો થતો નથી.

# બિલી ફળ : ઉનાળાનું કુદરતી અમૃત

જેમ જ સૂર્યનો તાપ વધવા લાગે છે અને પરસેવાથી હાલત ખરાબ થઈ જાય છે, ત્યારે બજારમાં પથ્થર જેવું દેખાતું બિલી ફળ જોવા મળે છે. બહારથી જેટલું કઠોર હોય છે, અંદરથી એટલું જ ગુણકારી હોય છે. જૂના સમયમાં વડીલો કહેતા કે ઉનાળામાં બિલી ખાશો તો ડોક્ટર પાસે જવાની જરૂર નહીં પડે. આજકાલ ઠંડા પીણાંની વચ્ચે આપણે આ દેશી અમૃતને ભૂલી ગયા છીએ, પરંતુ આરોગ્ય માટે તેનું કોઈ જોડ નથી. ચાલો જાણીએ તેના કેટલાક મોટા ફાયદા.

**પેટની સમસ્યામાં લાભદાયક** : ઉનાળામાં ઘણીવાર પેટ ખરાબ થઈ જાય છે, ક્યારેક કબજિયાત તો ક્યારેક ઝાડા થાય છે. બિલીને પેટનો ડોક્ટર માનવામાં આવે છે. તેમાં ઘણું ફાઈબર હોય છે જે પેટની સફાઈ કરે છે અને જૂની કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે. જો કોઈને ઝાડા થયા હોય તો બિલીનું શરબત તરત રાહત આપે છે. તે પેટની ગરમી ઘટાડે છે, જેના કારણે એસિડિટી અને છાતીમાં બળતરા પણ ઓછી થાય છે. શરીર માટે ઠંડુ : જ્યારે બહાર ભારે ગરમી હોય ત્યારે બિલીનું શરબત શરીર માટે કુદરતી કૂલરનું કામ કરે છે. તેની તાસીર ખૂબ ઠંડી હોય છે. જો તમે તીવ્ર ધુપમાં બહાર જતાં પહેલાં એક ગ્લાસ બિલીનું શરબત પી લો, તો લૂ લાગવાનો ભય ઓછો રહે છે. તે શરીરમાં પાણીની કમી થવા દેતું નથી અને અંદરથી ઠંડકનો અહેસાસ કરાવે છે.

શ્રીમતી બબીતા રામનિવાસ
વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
મો. ૯૧૫૭૬૯૫૫૭૩

**લોહીનું શુદ્ધિકરણ** : ઘણા લોકોને ખબર નથી કે બિલી લોહીની સફાઈ માટે પણ ખૂબ ફાયદાકારક છે. તે શરીરમાંથી ગંદકી અને ઝેરી તત્ત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. નિયમિત રીતે બિલીનું સેવન કરવાથી ત્વચા પણ સ્વચ્છ અને તેજસ્વી બને છે.

**ઊર્જાશક્તિ વધારે** : બિલીમાં વિટામિન અને પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં હોય છે. તે શરીરને ઊર્જા આપે છે. ઉનાળામાં થાક અને નબળાઈ દૂર કરવા માટે બિલી ખૂબ લાભદાયક માનવામાં આવે છે.

**પાચનતંત્રમાં સુધારો** : બિલીનું સેવન પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. તેમાં રહેલો ફાઈબર પાચન પ્રક્રિયાને સારી બનાવે છે અને કબજિયાત જેવી સમસ્યામાં રાહત આપે છે.

**મધુમેહ નિયંત્રણ** : બિલી લોહીમાં શુગરનું સ્તર નિયંત્રિત કરવામાં મદદરૂપ બની શકે છે. તેથી તે ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારી માનવામાં આવે છે. હૃદય આરોગ્ય : બિલીમાં રહેલા એન્ટીઑક્સિડન્ટ્સ હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તે કોલેસ્ટ્રોલનું સ્તર નિયંત્રિત કરવામાં પણ સહાયક છે. **રોગપ્રતિકારક શક્તિ વધારવી** : બિલીમાં વિટામિન C અને અન્ય જરૂરી પોષક તત્ત્વો હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

**ત્વચા માટે લાભદાયક** : બિલીનો ઉપયોગ ત્વચા સંબંધિત સમસ્યાઓમાં પણ થાય છે. તેના એન્ટીસેપ્ટિક ગુણ ત્વચાને સ્વસ્થ અને ચમકદાર બનાવવામાં મદદ કરે છે.

**કેન્સરથી બચાવ** : કેટલાક સંશોધનો અનુસાર બિલીમાં એવા ગુણ જોવા મળે છે જે કેન્સરનો ખતરો ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.


**વન મંત્રી અર્જુન મોઢવાડિયા સહિતનો કાફલો ગીરમાં, જસાધાર કેર સેન્ટરમાં સિંહોની સઘન તપાસ**

# ગીરમાં ૧ ૨ સિંહોના મોતનો મામલો વડાપ્રધાન સુધી પહોંચ્યો

ઉના,તા.૩૧

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરમાં ફરી એકવાર વનરાજોની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. ગીર પૂર્વ અને પશ્ચિમની ૧૯ રેન્જમાં વ્યાપક રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે, જેમાં ગીર પૂર્વની જસાધાર રેન્જ સૌથી વધુ પ્રભાવિત જોવા મળી રહી છે. તાજેતરમાં જ ૧૨ સિંહોના મોતના મામલે છેક દિલ્હી વડાપ્રધાન કાર્યાલય સુધી પડઘા પડતાં રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. પરિસ્થિતિની ગંભીરતાને પગલે વન મંત્રી અર્જુન મોઢવાડિયા સહિતનો ઉચ્ચ વન અધિકારીઓનો કાફલો તાબડતોબ ગીર દોડી આવ્યો છે. બીજી તરફ, જસાધાર એનિમલ કેર સેન્ટર નજીક આવેલા સ્મશાનમાં એક નાની ચિતા સળગતી જોવા મળતાં વન્યજીવ પ્રેમીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે અને કોઈ સિંહબાળનું મોત થયું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

હાલમાં જસાધાર અને જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે ૨૦ જેટલા સિંહો આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ સૌપ્રથમ જામવાળા



એનિમલ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી અને મુખ્ય વન સંરક્ષક (CCF) રતન નાલા સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે કટોકટીની બેઠક યોજીને સિંહોની વર્તમાન સ્થિતિ અને સારવાર અંગે વિગતવાર સમીક્ષા કરી હતી. બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં વન મંત્રીએ જણાવ્યું હતું કે, "હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને છેલ્લા ત્રણ દિવસમાં એક પણ સિંહનું મૃત્યુ નોંધાયું નથી." જામવાળાની બેઠક પૂર્ણ કર્યા બાદ વન મંત્રીનો કાફલો જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે પરિસ્થિતિનો તાગ મેળવવા રવાના થયો હતો.

જોકે, સ્થળ પરની વાસ્તવિકતા કંઈક જુદી જ ચિત્ર રજૂ કરે છે. જસાધાર કેર સેન્ટર ખાતે એનિમલ સ્મશાનમાં લાકડાનો મોટો પહાડ ખડકી દેવામાં આવ્યો છે. લાકડાનો જથ્થો એટલી મોટી માત્રામાં છે કે સ્મશાનમાં જગ્યા ઓછી પડતાં સિંહોને રાખવાના પાંજરાની આસપાસ પણ લાકડા ભરી દેવામાં આવ્યા છે. આ દૃશ્યો સિંહોના ઊંચા મૃત્યુદર અંગે વન વિભાગ સામે ગંભીર સવાલો ઊભા કરે છે. વન વિભાગના અધિકારીઓ 'સબ સલામત' હોવાના દાવા કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિક માહિતી છુપાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનો આક્ષેપ છે. મીડિયા દ્વારા વિગતો મેળવવાનો પ્રયાસ કરાતા અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે.

## મધ્યપ્રદેશના ખંડવામાં જીવદયાથી પ્રેરાઈને મુસ્લિમ યુવક બિલાલમાંથી બન્યો 'વિશાલ'

ખંડવા,તા.૩૧

મધ્યપ્રદેશના ખંડવા જિલ્લાના પ્રખ્યાત મહાદેવગઢ મંદિરમાં એક અનોખી ઘટના સામે આવી છે. ખીરકિયાના રહેવાસી બિલાલ નામના મુસ્લિમ યુવકે પશુબલિથી વ્યથિત થઈને સ્વેચ્છાએ સનાતન ધર્મ અંગીકાર કર્યો છે. યુવકના જણાવ્યા મુજબ, બાળપણથી જ બકરી ઈદ પર મૂંગા પ્રાણીઓની નિર્દય કતલ જોઈને તેનું મન ખૂબ જ દુઃખી થતું હતું. આ આઘાતમાંથી મુક્ત થવા માટે તેણે હિન્દુ ધર્મ સ્વીકારવાનો નિર્ણય કર્યો.

મંદિરમાં આયોજિત ભવ્ય ધાર્મિક સમારોહમાં મુંડન વિધિ, પંચગવ્ય સહિત '૧૦ ધાર્મિક સ્નાન' અને મંત્રોચ્ચાર સાથે યુવકનું શુધ્ધિકરણ કરી ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. બિલાલે પોતાનું નવું નામ 'વિશાલ' રાખ્યું છે. આ પ્રસંગે મહાઆરતી યોજાઈ હતી અને તેને પવિત્ર ગ્રંથ 'રામાયણ' ભેટ આપવામાં આવ્યો હતો.

## પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા ભભૂકી: ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જી પર હુમલો

કોલકતા,તા.૩૧

પશ્ચિમ બંગાળના હુગલીમાં ચંદીતાલા પોલીસ સ્ટેશન બહાર ટીએમસી અને ભાજપના કાર્યકરો સામસામે આવી જતાં ભારે હોબાળો થયો હતો. ભાજપના કાર્યકરોએ "ચોર, ચોર" ના નારા લગાવતા વાતાવરણ વણસ્યું હતું અને બંને પક્ષો વચ્ચે હિંસક ઝપાઝપી થઈ હતી. આ અથડામણમાં ટીએમસી સાંસદ



કલ્યાણ બેનર્જીના માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેમણે આક્ષેપ કર્યો કે સત્તાવાર પ્રતિનિધિમંડળ સાથે જતા સમયે તેમને જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ત્યાં પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરવા પડ્યા હતા. બીજી તરફ, સોનારપુરમાં ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી પર પણ લોકોએ ઈંડા, પથ્થર અને જૂતા વડે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત અભિષેક બેનર્જીને કોલકાતાની બેલે વ્યુ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમના ખબરઅંતર પૂછવા આવેલા મુખ્યમંત્રી મમતા બેનર્જી હોસ્પિટલના 'સાયલન્ટ ઝોન'માં જ ભારે ગુસ્સે થયા હતા.

## દક્ષિણ દિલ્હીના સાકેતમાં બહુમાળી ઈમારત ધરાશાયી થતા ચારના મોત

નવીદિલ્હી,તા.૩૧

દક્ષિણ દિલ્હીના સાકેત મેટ્રો સ્ટેશન નજીક શનિવારે સાંજે એક પાંચ માળની ઈમારત અચાનક ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ચાર મૃતદેહો બહાર કઢાયા છે, જ્યારે નવ લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. હજુ પણ કેટલાક લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકાને પગલે NDRF, ફાયર વિભાગ અને પોલીસ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી સતત ચાલુ છે. ઈમારતનો કાટમાળ નજીકની બિલ્ડિંગ પર પણ પડ્યો હતો, જ્યાં મેડિકલ વિદ્યાર્થીઓની કેન્ટીન ચાલતી હતી. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સૈદુલજાબ ખાતે ઘટનાસ્થળની મુલાકાત લઈ રાહત કાર્યોની સમીક્ષા કરી હતી. તેમણે આ મામલે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે અને બેદરકાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા છે. મહેરૌલી પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

## જમ્મુ-કાશ્મીરમાં ડ્રગ્સની નર્સરીને આતંકનું જંગલ બનવા દેવામાં આવશે નહી: મનોજ સિન્હા

જમ્મુ,તા.૩૧

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ડ્રગ ડીલરો સામે "યુધ્ધ" છેડ્યું છે. તેમણે પાકિસ્તાનને ચેતવણી આપતા જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ડ્રગ્સની નર્સરીને આતંકનું જંગલ બનવા દેવામાં આવશે નહીં. પાકિસ્તાન હવે સ્થાનિક યુવાનોને ડ્રગ્સના રવાડે ચઢાવી આતંકવાદ તરફ વાળવાનું કાવતરું ઘડી રહ્યું છે, જેને નાબૂદ



કરવા ૧૦૦ દિવસનું લક્ષ્યાંકિત અભિયાન શરૂ કરાયું છે. છેલ્લા ૫૦ દિવસમાં તંત્ર દ્વારા ૮૫૬ દાણચોરો સામે એફઆઈઆર નોંધી ૯૪ ની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે ૭૫૮ કિલો હેરોઈન અને રૂ.૫૬.૩૫ કરોડની મિલકત જપ્ત કરવામાં આવી છે તેમજ દાણચોરોની ૫૭ ઈમારતો તોડી પાડવામાં આવી છે. એલજી સિન્હાએ ઉમેર્યું કે સરહદ પર ડ્રોન ડ્રોપિંગ અને સપ્લાય ચેઈનને રોકવા સેના, બીએસએફ અને પોલીસ ખંતપૂર્વક કામ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ૨૦૪૭ સુધીમાં 'ડ્રગ્સ મુક્ત ભારત' બનાવવાના લક્ષ્ય સાથે, પીડિત યુવાનોના પુનર્વસન અને રોજગાર માટે હોસ્પિટલોમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

## કોડીનારના સ્વામિનારાયણ મંદિરે ભવ્ય 'કેરી મનોરથ' ઉત્સવ ઉજવાયો

કોડીનાર, તા.૩૧

કોડીનારના છારા ઝાંપા વિસ્તારમાં સ્ટેડિયમ રોડ પર આવેલા સ્વામિનારાયણ મુખ્ય મંદિર (SVG) ખાતે અધિક માસ નિમિત્તે ભવ્ય "કેરી મનોરથ ઉત્સવ" તથા સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં કોડીનાર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો



ઉપસ્થિત રહી દર્શન, ભજન અને પ્રસાદનો લાભ લીધો હતો. સ્વામિનારાયણ વડતાલ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને આજ્ઞાથી, તેમજ ધર્મકુળ આશ્રિત પૂજ્ય નટુબાપા અને સાસણ નિવાસી પ્રમોદભાઈ ભગતની પ્રેરણાથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી રાધારમણદેવ સમક્ષ પાકેલી, સુગંધિત અને રસદાર વિવિધ જાતની કેરીઓનો ભવ્ય અન્નકૂટ (કેરી મનોરથ) ગોઠવવામાં આવ્યો હતો. નાની-મોટી અનેક પ્રકારની કેરીઓના અન્નકૂટ ની સુંદર ગોઠવણ દર્શનાર્થીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## ભારત-વિયેતનામ વચ્ચે બ્રહ્મોસ મિસાઈલ સોદા પર હસ્તાક્ષર

નવીદિલ્હી,તા.૩૧

ભારત અને વિયેતનામ વચ્ચે બ્રહ્મોસ મિસાઈલ ખરીદીનો સોદો ફાઈનલ થઈ ગયો છે. સિંગાપોરમાં "શાંગરી-લા ડાયલોગ" દરમિયાન સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે આ અંગેની પ્રથમ સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે વિયેતનામ સાથે કરાર પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે, જોકે તેની જાહેરમાં જાહેરાત કરાઈ નહોતી.




આ ઉપરાંત, ઈન્ડોનેશિયા સાથે પણ આવો જ કરાર તેના અંતિમ તબક્કામાં છે.

અગાઉ ૨૦૨૨માં ફિલિપાઈન્સ ભારત પાસેથી બ્રહ્મોસ ખરીદનાર પ્રથમ દેશ બન્યો હતો. સંરક્ષણ સચિવે ઉમેર્યું કે ભારત આસિયાન (ASEAN) સભ્ય દેશોને પોતાના મૈત્રીપૂર્ણ ભાગીદાર માને છે, તેથી જ તેમની સાથે આ અદ્યતન સંરક્ષણ ટેકનોલોજી અને અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલી શેર કરવામાં આવી રહી છે.

## પંચામૃત ડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦નો વધારો

દાહોદ,તા.૩૧

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના અઢી લાખથી વધુ પશુપાલકો માટે ખુશીના સમાચાર છે. પંચામૃત ડેરીએ દૂધના ખરીદી ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦નો વધારો જાહેર કર્યો છે. અત્યાર સુધી પશુપાલકોને પ્રતિ કિલો ફેટના રૂ. ૮૬૫ ચૂકવવામાં આવતા હતા, જે હવે ૧ જૂનથી વધીને



રૂ. ૮૭૫ થશે. પશુઆહાર અને મોંઘવારીના સમયમાં ડેરીનો આ નિર્ણય પશુપાલકોને આર્થિક રીતે મજબૂત બનાવશે.

## ધોરાજીમાં વીજતંત્રની બેદરકારીથી જીવતો વાયર પડતાં શ્વાનનું મોત

ધોરાજી,તા.૩૧

ધોરાજીના હિરપરા વાડી અને કૈલાશ નગર વિસ્તાર નજીક વહેલી સવારે એક શ્વાનનો મૃતદેહ અત્યંત બળેલી હાલતમાં મળી આવ્યો હતો. ઉપરથી પસાર થતો વીજ કંપનીનો જીવતો તાર તૂટીને નીચે પડવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલાં પણ આ જ જગ્યાએ કરંટાથી ગાયનું મોત નીપજ્યું હતું. વારંવાર બનતી આવી ઘટનાઓથી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ માર્ગ ખેડૂતોને ખેતરે



જવા માટેનો મુખ્ય રસ્તો છે અને નજીકમાં જ શાળા આવેલી હોવાથી અહીંથી નાના બાળકો, વિદ્યાર્થીઓ અને રાહદારીઓની સતત અવરજવર રહે છે. સદનસીબે કોઈ માનવ જાનહાનિ થઈ નથી, પરંતુ વીજ તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.142/2026
જન્મ તારીખ : 21/04/1982

શ્રી આયશા મહમદ શેખ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી આયશા મહમદ શેખ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મહમદ સુલતાન શેખ તથા આયશા મહમદ શેખ ના પુત્ર ફારક મહમદ શેખનો જન્મ તારીખ.21/04/1982ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૦૫/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


## ઉનાના કોબ ગામે નવી સરકારી માધ્યમિક શાળા મંજૂર થતાં લોકોમાં ખુશીનો માહોલ

**કેવલસિંહ રાઠોડની રજૂઆત રંગ લાવી**

ઉના,તા.૩૧

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ ગામે શૈક્ષણિક ક્રાંતિ લાવવાના હેતુથી એક નવી સરકારી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવી છે. આશરે ૧૨,૦૦૦થી વધુની વસ્તી ધરાવતા અને ખેતી,



મજૂરી તેમજ માછીમારી પર નભતા આ ગામમાં માધ્યમિક શાળા ન હોવાથી, દીકરીઓ સહિત અનેક બાળકો ધોરણ આઠ પછી અભ્યાસ છોડી દેવા મજબૂર બનતા હતા.

આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને સામાજિક એકતા જાગૃતિ મિશનના સંયોજક અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ કેવલસિંહ રાઠોડે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રૂબરૂ મુલાકાત કરી સરકારી શાળા શરૂ કરવા રજૂઆત કરી હતી. આ રજૂઆતના આધારે શિક્ષણ વિભાગના સકારાત્મક અભિપ્રાય બાદ, વર્ષ ૨૦૨૬/૨૭ના રાજ્ય સરકારના બજેટમાં આ શાળાને મંજૂરી આપવામાં આવી છે. સંસ્થાના હોદ્દેદારોના સંયુક્ત પ્રયાસોથી મળેલી આ સફળતાને કારણે હવે પછાત વર્ગના બાળકોને પોતાના જ ગામમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઉત્તમ તક સાંપડશે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.143/2026
જન્મ તારીખ : 01/06/1983

શ્રી રસીદાબાનુ મહેબુબખાન પઠાણ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રસીદાબાનુ મહેબુબભાઈ પઠાણ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મહેબુબખાન કાસમખાન પઠાણ તથા રસીદાબાનુ મહેબુબખાન પઠાણ ના પુત્ર ઈરફાનખાન મહેબુબખાન પઠાણનો જન્મ તારીખ.01/06/1983ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૦૫/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.


**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# રાજ્યના વાતાવરણમાં પલટો : ૨૪ કલાકમાં ૪૫ તાલુકમાં વરસાદી ઝાપટા

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં ભર ઉનાળે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ૫ જિલ્લાના કુલ ૪૫ તાલુકાઓમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ નોંધાયો છે. આ પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે અસહ્ય ઉકળાટ અને ગરમીથી પરેશાન લોકોને મોટી રાહત મળી છે અને સમગ્ર રાજ્યમાં ઠંડક પ્રસરી છે.

રાજ્યમાં સૌથી વધુ વરસાદ મહીસાગરના વીરપુરમાં ૨૯ મિમી (૧.૧૪ ઈંચ) અને અરવલ્લીના મોડાસામાં ૨૫ મિમી નોંધાયો છે. આ ઉપરાંત શેહરા અને ભિલોડામાં ૨૪ મિમી, વડાલી અને કડાણામાં ૨૨ મિમી તેમજ ધનસુરા અને મોરવા હડફમાં ૨૦ મિમી વરસાદ પડ્યો છે. પાટનગર ગાંધીનગર અને બનાસકાંઠાના દાંતા પંથકમાં પણ હળવો વરસાદ થયો છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ૧૮ મિમી અને વિજયનગરમાં ૧૪ મિમી વરસાદ નોંધાયો છે.



ઉત્તર ગુજરાત અને સરહદી વિસ્તારમાં અમીરગઢ પંથકમાં ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. સુરતના ડિંડોલી, ઉધના, ભટાર, વેસુ અને લિંબાયત વિસ્તારમાં હળવા પવન સાથે વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં અને વાપી તથા તેની આસપાસના વિસ્તારોમાં મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.

સૌરાષ્ટ્ર અને છોટાઉદેપુર, યાત્રાધામ દ્વારકામાં વહેલી સવારે વરસાદી ઝાપટું પડતાં રસ્તાઓ પાણીથી ભીના થયા હતા. છોટાઉદેપુર, સંખેડા અને પાવી જેતપુરમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો, જેના પગલે વીજળી ગુલ થઈ ગઈ હતી. મહાનગર અમદાવાદમાં પણ મોડી રાત્રે તેજ પવન સાથે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.




## સુરતમાં વરસાદની આગાહીના પગલે પીએમ મોદીની જાહેર સભાનું સ્થળ બદલાયું

સુરત,તા.૩૧

ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલા જ વરસાદી માહોલ જામ્યો છે. આગામી ૫ જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતની મુલાકાતે આવવાના છે, પરંતુ વરસાદની આગાહીને પગલે તેમના સભા સ્થળમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ખુલ્લા મેદાનને બદલે ઈન્ડોર સ્ટેડિયમમાં વડાપ્રધાનનો કાર્યક્રમ યોજાશે. હાલમાં જ સુરતના ડીંડોલી, ઉધના, ભટાર, વેસુ અને લિંબાયત જેવા વિસ્તારોમાં હળવા પવન સાથે વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી કરી હોવાથી, વેસુ વીઆઈપી રોડ-૨ પર ડોમ બનાવવાની ચાલી રહેલી તૈયારીઓ રદ કરવામાં આવી છે. તંત્ર દ્વારા ઉનાળાના ઉકળાટ અને વરસાદી વિઘ્નને ધ્યાનમાં રાખીને સુરક્ષિત આયોજન કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દમણ ખાતે નિર્માણ પામેલા નવા એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે હાજરી આપવાના છે, જેની સાથે જ સુરતની આ મુલાકાત જોડવામાં આવી છે.

## રાજ્યમાં આજથી ડિજિટલ વસતી ગણતરીનો પ્રારંભ

ગાંધીનગર,તા.૩૧

ગુજરાત સહિત દેશભરમાં આવતીકાલ, ૧ જૂનથી 'વસતી ગણતરી-૨૦૨૭'ના પ્રથમ તબક્કાનો પ્રારંભ થઈ રહ્યો છે. આઝાદી પછીની આ ૮મી જનગણના પ્રથમવાર સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી ૧૬ ભાષાઓમાં હાથ ધરાશે. રાજ્યના વસતી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ નાગરિકોને સાચી વિગતો આપવા અનુરોધ કર્યો છે. ખોટી માહિતી આપનાર સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.આ મહાઅભિયાનમાં રાજ્યના ૧.૧૦ લાખથી વધુ ગણતરીદારો અને સુપરવાઈઝરો ઘરે-ઘરે પહોંચશે. જોકે, નાગરિકોએ પોતાની આવક, દસ્તાવેજો કે બેંક ખાતાની વિગતો આપવાની રહેશે નહીં.





